જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER


● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । બુધવાર । તા. ૦૨-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

૨૦૧૯નાં પ્રથમ ઈન્ટરવ્યુમાં પીએમની રામ મંદિર, સર્જીકલ સ્ટ્રાઈક, નોટ બંધી, ઉરી હુમલા મુદ્દે ચર્ચા

રામ મંદિર કાયદા મુજબ જ બનશેઃ મોદી



ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે વર્ષ ૨૦૧૯નું તેમનું પહેલું ઈન્ટરવ્યૂ આપ્યુ છે. પીએમ મોદીએ ન્યૂઝ એજન્સી એએનઆઈના એડિટર સ્મીતા પ્રકાશને આ ઈન્ટરવ્યૂ આપ્યું છે. આ ઈન્ટરવ્યૂમાં મોદી સરકાર તેમના કાર્યકાળની સિદ્ધીઓ સહિત દેશના અન્ય મુદ્દાઓ વિશે ચર્ચા કરી છે.

ન્યૂઝ એજન્સીએ માહિતી આપી છે કે, વડાપ્રધાને ૯૫ મિનિટ સુધી આ ઈન્ટરવ્યૂ આપ્યો છે.

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ અને અન્ય હિન્દુવાદી સંગઠનો તરફથી કાયદો લાવીને મંદિર નિર્માણ કરવાની માંગણી કરવામાં આવતી હતી પરંતુ પીએમ નરેન્દ્ર મોદીએ તેમની માંગણીને ઝાટકી દીધી છે. પીએમ મોદીએ સ્પષ્ટ રીતે કહ્યું છે કે, રામ મંદિર પર કાયદા પ્રક્રિયા પૂરી થયા પછી જ અધ્યાદેશ વિશે વિચાર કરવામાં આવશે. એટલે કે રામ મંદિરનો મુદ્દો જ્યાં સુધી સુપ્રીમ કોર્ટમાં ચાલી રહ્યો છે ત્યાં સુધી મોદી સરકારે તે માટે અધ્યાદેશ નહીં લાવે.

ગાંધી પરિવાર પર હુમલો કરતા વડાપ્રધાને કહ્યું કે, કોંગ્રેસની ચાર પેઢીએ દેશ ચલાવ્યો છે અને આ પરિવાર હવે નાણાકિય અનિયમીતતાના કારણે જામીન પર બહાર છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ઉર્જિત પટેલ વિશે વડાપ્રધાને કહ્યું કે, સરકારનું આરબીઆઈ પર કોઈ પ્રેશર નથી. ઉર્જિત પટેલ ઘણાં સમયથી પહેલાંથી તેમના અંગત કારણોથી રાજીનામું આપવા માગતા હતા. હું પહેલીવાર આ વિશે કહી રહ્યો છું કે, તેમણે ૬-૭ મહિના પહેલાંથી જ રાજીનામું આપવાની વાત કરી હતી. તેમણે આ વાત લેખીતમાં પણ આપી હતી. તેમણે ખૂબ સારું કામ કર્યું અને તેમના પર રાજકીય દબાણ હોવાની તો કોઈ વાત જ નથી.

નોટબંધી વિશે વડાપ્રધાને કહ્યું કે, આ કોઈ ઝટકો નહતો. અમે લોકોને એક વર્ષ પહેલાંથી લોકોને આ વિશે જાણ કરી હતી કે જો તમારી પાસે કાળું ધન હોય તો તે જમા કરાવી દો.

પાકિસ્તાન વિશે પીએમ મોદી બોલ્યા કે પાકિસ્તાનનું વલણ એક સર્જિકલ સ્ટ્રાઈકથી નહીં સુધરે. આવું વીચારવું પણ ખૂબ મોટી ભૂલ છે. પાકિસ્તાનને સુધરવામાં ઘણો સમય લાગશે.

વડાપ્રધાને સર્જિકલ સ્ટ્રાઈકનો નિર્ણય જોખમ ભર્યો ગણાવ્યો છે. કહ્યું કે, ઉરી હુમલાથી જ હું ખૂબ ગુસ્સામાં હતો અને ત્યારે જ પાકિસ્તાન સામે કોઈ પગલું લેવાનું નક્કી કર્યું હતું. જોકે જવાનોની પણ ઘણી ચિંતા હતી. તેમને સુર્યોદય પહેલાં પરત આવવાનો આદેશ આપ્યો હતો.

૨૦૧૯ની ચૂંટણી વિશે કહ્યું કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણી જનતા સામે મહાગઠબંધનની હશે.

નવા વર્ષના પહેલા જ દિવસે એચડીએફસી બેંકે આપ્યો આંચકો, હોમ લોન બની મોંઘી

ન્યુ દિલ્હી

એચડીએફસી બેંકે નવા વર્ષના પહેલા જ દિવસે પોતાના ગ્રાહકોને જોરદાર આંચકો આપ્યો છે. હોમ લોન આપતી આ કંપનીએ આરપીએલઆરમાં૦.૧૦ટકાનો વધારો કર્યો છે. તેનાથી નવા ગ્રાહકો માટે હોમ લોન મોંઘી થઈ જશે. બેંકે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ વધારાથી વિભિન્ન સ્લેબોમાં લોનના વ્યાજ દર ૮.૯૦ ટકાથી ૯.૧૫ ટકા વચ્ચે થઈ જશે. એચડીએફસી બેંકના નવા વ્યાજ દરો પહેલી જાન્યુઆરી ૨૦૧૯થી પ્રભાવી થઈ ગયા છે. હવે ૩૦ લાખ રૂપિયા સુધીની હોમ લોન ૮.૯૫ ટકાના વ્યાજ દરે ઉપલબ્ધ થશે.

મહારાષ્ટ્ર સરકારે પેન્શનરોને આપી નવા વર્ષની ભેટઃ ૭માં વેતન આયોગના વધારાને મંજૂરી

પુણે

રાજ્ય અને કેન્દ્ર સરકારના લાખો કર્મચારી પેન્શનર્સ નવી પેન્શન યોજનાનો વિરોધ કરતા રહ્યા છે. ઉત્તર પ્રદેશ, તમિલનાડુ અને અન્ય કેટલાક રાજ્યોમાં લોકો જૂની પેન્શન યોજનાને ફરીથી લાગૂ કરવાની માંગ કરી રહ્યા છે. આ તમામ ઘટનાક્રમો વચ્ચે, મહારાષ્ટ્ર સરકારના પેન્શનરો માટે ખુશીના સમાચાર આવ્યા છે. મહારાષ્ટ્ર કેબિનેટે પોતાના કર્મચારીઓ સાથે-સાથે ૭માં વેતન આયોગના વેતન વધારાને મંજૂરી આપી દીધી છે. આનાથી રાજ્યના ખજાના પર ૩૮,૬૪૫ કરોડરુપિયાનો વધારે બોજ પડશે. મહારાષ્ટ્રના નાણાંપ્રધાન સુધી મુનગંટીવારે કહ્યું છેકે ૮૦-૩૫ વર્ષની ઉંમરના રાજ્યના પેન્શનરોને તેમના માસિક પેન્શનમાં ૧૦ ટકાનો ધારો થશે, ૮૫ થી ૯૦ વર્ષના લોકો માટે ૧૫ ટકા અને અને ૯૦-૯૫ વર્ષની ઉમરના લોકો માટે ૨૦ ટકા અને ૯૫-૧૦૦ ની ઉંમર ધરાવતા લોકો માટે ૨૫ ટકા અને ૧૦૦ અનેતેનાથી વધારે ઉંમર ધરાવતા પેન્શનરો માટે ૫૦ ટકા વધારાને મંજૂરી આપી છે. પ્રધાનેજણાવ્યુંકેવર્તમાનમાં ૧૦૦ વર્ષથી વધારેની ઉંમરની શ્રેણીમાં રાજ્યમાં ૩૬૨ પેન્શનરો છે જેને ૭માં વેતન આયોગ અનુસાર સંશોધિત પેન્શન નિયમોનો વધારે લાભ મળશે. મહારાષ્ટ્ર સરકારે પોતાના કર્મચારીઓના વેતનમાં પણ ૨૧ થી લઈને ૨૪ ટકા સુધીનો વધારો કર્યો છે. રાજ્યમાં સાતમા વેતન આયોગની ભલામણો ૧ જાન્યુઆરીથી લાગૂ થઈ જશે. એટલે કે રાજ્ય સરકારના કર્મચારીઓની જાન્યુઆરીની સેલરી સાતમા વેતન આયોગની ભલામણો અનુસાર આવશે.

બોલીવૂડના દિગ્ગજ અભિનેતા કાદરખાનનું ૮૧ વર્ષની વયે નિધન

ટોરેન્ટો

બોલીવુડના દિગ્ગજ એક્ટર-રાઈટર કાદરખાનનું ૮૧ વર્ષની વયે નિધન થયું છે. તેમના દિકરા સરફરાઝ ખાને કાદરખાનના નિધનની પુષ્ટિ કરી છે. કેનેડાની હોસ્પિટલમાં કાદરખાને અંતિમ શ્વાસ લીધા.

કાદર ખાનના પુત્ર સરફરાજે આ વિશે એક ન્યૂઝ એજન્સીને જાણકારી આપી હતી. તમને જણાવી દઈએ કે, કાદર ખાનને પ્રોગ્રેસિવ સુપ્રાન્યૂક્લીયર પાલ્સી ડિસઓર્ડર હતી, જેના કારણેતેમનું મગજ કામ કરવાનું બંધ કરી દીધું હતું. થોડા સમય પહેલા જ કાદરખાનને ગંભીર બીમારી થઈ હોવાના કારણે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા અને ત્યારબાદ તેમના મૃત્યુની અફવા ઉડી હતી પરંતુ કાદરખાનના દિકરા સરફરાઝે કહ્યું હતું કે આ વાતો ખોટી છેઅને માત્ર અફવા છે મારા પિતા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ડોક્ટર્સે તેમને રેગ્યુલર રેગ્યુલર વેન્ટિલેટરથી હટાવીને બાઈપેપ વેન્ટિલેટર પર રાખ્યા હતા. કેનેડામાં કાદર ખાનની સારવાર ચાલી રહી હતી. તેમની સલામતી માટે અમિતાભ બચ્ચને પણ ટ્વિટ કર્યું હતું. પરંતુ દુઃખની વાત એ છે કે લોકોને પેટ પકડીને હસાવનારા અભિનેતા હવે આપણી વચ્ચે રહ્યા નથી. નીરજ વોરા, અહમદ ખાનના ડાયરેક્શનમાં બનીરહેલી ફિલ્મ હેરાફેરી-૩ને લઈને દર્શકોમાં અત્યારથી જ ઘણી ઉત્સુકતા છે. આ ફિલ્મમાં એક તરફ પરેશ રાવલની કોમિક ટાઈમિંગ જોવા મળશે તો બીજી તરફ કાદર ખાનના અભિનયનો તડકો લાગશે. આ ફિલ્મને જોયા બાદ હસવું રોકવું મુશ્કેલ બની જશે. હેરાફેરી-૩ જુલાઈ ૨૦૧૯માં દર્શકોની સામે રજૂ થશે.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચુક ફોન કરો)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃતિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું સહજ દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા શરૂ કરેલ શૈક્ષણિકરણના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઈટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. કોનેસન પ્રથા નાબુદી. ગણવેશ, થોપડા ખરીદી પર થતા વેપારને સકંજો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રચનાત્મક શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃતિ દ્વારા સરકારી યોજનાઓનો નાગરિકોને લાભ કરવો. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃતિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ પ્રદૂષણ જાગવણી અને પર્યાવરણની જાળવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની પસંદગી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :
નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

આવતી કાલે રવિવારે શોરૂમ ખુલ્લો રહેશે

paras SAREES & DRESS MATERIALS

સેલ 30% ડિસ્કાઉન્ટ

3 સાડી નેટેડ ₹330 | 3 સાડી ઓર્ગેન્ઝી બ્લાઉઝ સાથે ₹450 | 3 કોટન ડ્રેસ મટીરીયલ દુપટ્ટા સાથે ₹999

પરાગ હાઉસ, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત. Mo.: 98251 00702

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રત્યેક સમસ્યાં ભરત પેના સિવાય દેશમાં નાગરિકોની ઓછી આવક અને અવકાશ મૌંઘવારી, બેરોજગારી, વિજ્ઞાપિત ટ્રાફિક મામલે તકરી સમસ્યા મહાન વર્ગને જુવાન જુવાનમાં સ્વપ્ન મુજબકીઓની સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની સેવા, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો નમ્રમ પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ સેવા, નોકરી અને જાહેરાત જેવી મૂલ્યવૃદ્ધ પ્રવાહી જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અમારો આ મિશે સમજણ સાથે સાથે જોડી સમસ્યિત અને સાર્થિક સમાજલક્ષી ઉદ્દેશ મેળવી પરસ્પર સહયોગ સાથે સમૃદ્ધ ભારતની સ્થાપના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને નોકરી જોઈએ, નોકરી મેળવવા ઉમેદવારોની જરૂરિયાત, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ બધી વિગતો ચાર્જિક ફી માત્ર રૂ. ૨૦૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. ત્યારબાદમાં માત્ર રૂ. ૧૫૦/- જોડાવા માટે ભારતના ત્યારબાદ અમારો જોડી સાથેના વ્યક્તિઓની ઓફીસ દ્વારિકા તમ મુજબ વર્તમાન અમારી સુવિધા પણ, જે માટે સાથે દરમિયાન ફોટા પણ વારી લેવા આવશે.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની સેવાનું વ્યાપક મેદાન અપાવવા પિરામંડી

(PLAN - A)
(ફાઈનલ ૫૫૦૦/- (ત્રણેય મંડળી ભરવી) આપને કોઇ એક વર્ષ સુધી તેનુ કરી શકશે. પેના માટે આપે ત્રણવખત ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ફોરમ તે વર્ષ માટે ૩૦૦૦/- (ત્રણેય મંડળી ભરવી) આપનો કોઇ ફોરમ તે વર્ષ માટે તેનુ કરી શકશે. પેના માટે આપે ત્રણવખત ૩૦૦૦/- ભરવાના રહેશે. આપને કોઇ તેનુ કરવી જગતે કમાવાની તક આપી શે.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	100/-
2nd	70/-
3rd	50/-
4th	40/-
5th	30/-
Total	290/-

માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	750/-
2nd	500/-
3rd	300/-
4th	200/-
5th	100/-
Total	1850/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોક મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

ભાવનગર ખાતે યોજાનારા ત્રિવિધ કાર્યક્રમના સુચારૂ આયોજન અર્થે સમિતિઓની રચના કરી અધિકારીઓને ફરજો સોંપી

ભાવનગર; માન. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે તા. ૦૫ ના રોજ ભાવનગર ખાતે યોજાનારા ખેલ મહાકુંભ-૨૦૧૮નો સમાપન સમારોહ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષના મલ્ટીપર્પઝ ઈનડોર હોલના લોકાર્પણ તેમજ સીનીયર નેશનલ બાસ્કેટબોલ ચેમ્પીયનશીપ-૨૦૧૮નો ઉદ્ઘાટન સમારોહ જેવાં ત્રિવિધ કાર્યક્રમના સુચારૂ આયોજન અર્થે જિલ્લા કલેકટર હર્ષદ પટેલ એ વિવિધ સમિતિઓની રચના કરી અધિકારીઓને ફરજો સોંપી છે.

તદ અનુસાર કાર્યક્રમની મુખ્ય સંકલન સમિતિ, પ્રોટોકોલ અને સ્વાગત સમિતિ, માન. મુખ્યમંત્રી તથા અન્ય મહાનુભાવોની સ્વાગત સમિતિ (એરપોર્ટ ખાતે), સ્વાગત તથા સભા સ્થળે મુખ્ય સ્ટેજ સંચાલન સમિતિ, સભાસ્થળે વી. વી. આઈ. પી./ વી. આઈ. પી. બેઠક વ્યવસ્થાપન સમિતિ, સાંસ્કુતિક કાર્યક્રમ સમિતિ, સફાઈ અને સ્વચ્છતા સમિતિ, મંડપ અને ગ્રીન રૂમ બનાવવા અંગેની સમિતિ, ઈલેકટ્રીક, લાઈટ અને સાઉન્ડ સમિતિ, વાહન વ્યવસ્થા પાર્કિંગ ટ્રાફીક નિયંત્રણ સમિતિ, પ્રેસ ઈલેકટ્રોનીક મીડિયા સમિતિ, માન. મુખ્યમંત્રીશ્રી માટે આવાસ અને ભોજન વ્યવસ્થા સમિતિ (૦૧), અન્ય મહાનુભાવોઓ માટે આવાસ અને ભોજન વ્યવસ્થા સમિતિ (૦૨), પીવાના પાણીની સમિતિ, સલામતિ, આરોગ્ય, ઈમરજન્સી મેડીકલ સારવાર સમિતિ, પ્રચાર, પ્રસાર તથા મીડિયા સેલ વ્યવસ્થાપન સમિતિ, પુરસ્કાર, ભેટ વિતરણ સમિતિ, લાઈવ ટેલીકાસ્ટ તથા સંદેશાવ્યવહાર અંગેની સમિતિ, પબ્લીક મેનેજમેન્ટ કમિટિ, નિમંત્રણ કાર્ડ છપાવવા, વિતરણ તથા વિડિયોગ્રાફી ફોટોગ્રાફી અંગેની સમિતિ, એકોમોડેશન સમિતિ, ઓળખપત્ર વ્યવસ્થાપન સમિતિ, એર કુ મેમ્બર્સ માટે તેમજ અન્ય મહાનુભાવોની પી. આર. ઓ. ટીમની વ્યવસ્થાપન સમિતિ.

આમ કુલ ૨૪ સમિતિઓમાં અંદાજે ૧૦૫ અધિકારીઓનો સમાવેશ કરી અને તેમને લેખીતમાં ફરજો સોંપવામાં આવી છે. આ અધિકારીઓએ આ કાર્યક્રમના નોડલ ઓફીસર અને નાયબ નિયંત્રકશ્રી નાગરિક સંરક્ષણ બી. એચ. તલાટી મો. નં. ૯૯૨૫૨૨૮૮૩૮ના સતત સંપર્કમાં રહી તેમને સોંપવામાં આવેલી ફરજો બીનચૂક રીતે બજાવવાની રહેશે.

ગીર સોમનાથ જિલ્લા યુવક-યુવતીઓ માટે પ્રાદેશિક ઈન્ટરવ્યું માર્ગદર્શન તાલીમ યોજાશે

સ્પર્ધાત્મક પરીક્ષા માટેની તાલીમમાં ભાગ લેવા માટે તા ૫ જાન્યુઆરી સુધીમા અરજી કરવી

ગીરસોમનાથ: કમિશનર, યુવક સેવાઅને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર અને જિલ્લા રમતગમત અધિકારી ગીર સોમનાથ કચેરીના સંયુક્ત ઉપક્રમે યોજાનાર પ્રાદેશિક ઈન્ટરવ્યું માર્ગદર્શન તાલીમમાં ભાગ લેવા માંગતા ૨૦થી ૪૦ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક- યુવતિઓએ સ્વહસ્તાક્ષરમાં અરજી તા.૫-૧-૧૯ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, જિલ્લા સેવાસદન ઈણાજ ખાતે મોકલી આપવાની રહેશે.

અરજીમાં પોતાનું નામ-સરનામુ, ફોન નંબર, જન્મ તારીખ પ્રમાણપત્ર, ઉંમર, શૈક્ષણીક લાયકાતનું પ્રમાણપત્ર, વિશેષ લાયકાત, નોકરી/ધંધાને લગતી પસંદગીનો પ્રકાર, રોજગાર વિનિમય કચેરીનો નોંધણી નંબર-તારીખ, પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો, આધારકાર્ડની નકલ જોડવાની રહેશે.

રાજકોટ પ્રાદેશિક ઈન્ટરવ્યું માર્ગદર્શન તાલીમમાં ભાવનગર, બોટાદ, અમરેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી, જામનગર, જુનાગઢ, દેવીભૂમી દ્વારકા, પોરબંદર અને ગીર સોમનાથ જિલ્લાના યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે.

અગાઉની શિબિરમાં ભાગ લીધેલ યુવક-યુવતિઓએ અરજી કરવી નહિ. સમય મર્યાદા બાદ મળેલ અરજીઓ વિચારણામાં લેવાશે નહિ. માત્ર પસંદ થયેલ યુવક-યુવતિઓને જે તે સમયે જાણ કરવામાં આવશે તેમ જિલ્લા રમતગમત અધિકારી ગીરસોમનાથની યાદીમાં જણાવાયું છે.

ગીર સોમનાથ જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા એસ.જે.પી.યુ. રિવ્યુ બેઠક યોજાઈ

ગીર સોમનાથ: ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે ડી.વાય.એસ.પી.ના અધ્યક્ષસ્થાને જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા એસ.જે.પી.યુ. રિવ્યું બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના ચાઈલ્ડ વેલ્ફેર ઓફીસરો સાથે જિલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા બાળકો માટે કરવાની થતી કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લાના ચાઈલ્ડ ઓફિસરઓને દરેક પોલીસ સ્ટેશનમાં ચાઈલ્ડ વેલ્ફેર ઓફિસર, બાળ સુરક્ષા અધિકારીશ્રીના નામ અને સંપર્ક નંબરનું નોટીસ બોર્ડનું વિતરણ કરવામાં આવેલ હતું. તેમજ જિલ્લા બાળ સુરક્ષા એકમની આઈ.સી.પી.એસ.યોજનાના પ્રચાર-પ્રસાર અંગે ઘડિયાળનું વિતરણ કરાયું હતું. તેમ જિલ્લા બાળ સુરક્ષા અધિકારી પ્રિયંકાબેન પરમારની યાદીમાં જણાવાયું છે.

ગીર સોમનાથ જિલ્લામાં ગુજરાત પોલીસ દળમાં વિવિધ પરીક્ષાઓ શાંતિપૂર્ણ માહોલમાં યોજવા તંત્ર સજજ

પરીક્ષા સબંધી પ્રતિબંધાત્મક આદેશો જારી કરાયા

ગીર-સોમનાથ : ગીર સોમનાથ જિલ્લામાં તા. ૦૬/૧/૧૯ નાં રોજ ગુજરાત પોલીસ દળમાં બિન હથિયારી/હથિયારી પોલીસ કોન્સટેબલ, લોકરક્ષક તથા જેલ સિપાહી સહિત વર્ગ-૩ની પરીક્ષા લેવાનાર છે. જેમાં જિલ્લાનાં વેરાવળ, તાલાળા, સુત્રાપાડા, કોડીનાર, ઉના અને ગીરગઢડા તાલુકાઓનાં કુલ ૯૪ પરીક્ષા કેન્દ્રો ખાતે કુલ ૩૨,૮૫૦ ઉમેદવારો પરીક્ષા આપનાર છે. આ પરીક્ષાનું સુચારૂ સંચાલન થાય અને પરીક્ષા દરમ્યાન કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ નિયત પરીક્ષા કેન્દ્રો/પરીક્ષા બિલ્ડીંગના વિસ્તારમાં ચોરીઓના દુષણ ડામવા તથા પરીક્ષાર્થી શાંતીપુર્વક પરીક્ષા આપી શકે તે માટે તમામ પરીક્ષા સ્થળોની આસપાસ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અધિક કલેકટરશ્રી એચ.આર. મોદીએ તેમને મળેલ સત્તાની રૂઈએતા. ૦૬/૧/૧૯ નાં રોજ સવારના ૧૦:૩૦ થી બપોરના ૧૨:૩૦ કલાક સુધી નીચે મુજબના પ્રતીબંધાત્મક આદેશો જારી કર્યા છે.

પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈ પણ માર્ગ ઉપર, ચોકમાં કે ગલીઓમાં ચાર કરતા વધારે લોકોએ એકઠા થવું નહી., સરઘસો કાઢવા નહી., સુત્રો પોકારવા નહીં., કોપીઈંગ મશીન ધારકો/ઝેરોક્ષ મશીન ધારકોએ કોઈ પણ પત્રો, દસ્તાવેજો, કાગળોની નકલો કરવી નહી. તેમજ તેમના મશીનો બંધ રાખવા.

આ હુકમ પોતાના અંગત ઉપયોગ મટે કોપીઈંગ મશીનનો વપરાશ કરતી વ્યક્તિઓને, લગ્નનો વરઘોડો કે અંતિમયાત્રાને તેમજ ફરજની રૂઈએ જે કર્મચારીને મુક્તિ આપવામાં આવી હોય તેવી વ્યક્તિઓને આ હુકમ લાગું પડશે નહી. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ ગુન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- નો દંડ અથવા બંનેની સજા પાત્ર ઠરશે.

જ્યુડિશિયલ ફસ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટનો ચુકાદો

ચેક રિટર્ન થતા એકવર્ષની સજા અને રૂ.૧.૫૦લાખ ચુકવવા હુકમ

બોટાદ જીલ્લાના રાણપુરના યુવકે કેડીટ સોસાયટી લી.માથી લીધેલ લોનના પૈસા ચુકવવા ચેક આપતા ચેક રીટર્ન થતા યુવકને કોર્ટે એક વર્ષની સજા અને દોઠ લાખ રૂપિયાનુ વળતર ચુકવવા હુકમ કર્યો છે

રાણપુરમાં આવેલી સ્વામી વિવેકાનંદ કો.ઓપ.કેડીટ સોસાયટી લી.માંથી અશોક પરમાનંદભાઈ પરમાર નામના યુવકે લોન લીધી હતી જે લોનના લેણા બાબતે રૂપિયા ૧.૪૦.૦૦૦નો ચેક લખીને વિવેકાનંદ કો.ઓપરેટીવ સોસાયટી લી.ને આપ્યો હતો આ ચેક રીટર્ન થતા સ્વામી વિવેકાનંદ મંડળીએ ધંધુકાના મહે.ફસ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટની કોર્ટ માં નેગોસીયબલ કાયદા નીચે નં.૯૧૬/૦૮ થી ફરીયાદ કરવામાં આવી હતી ત્યારબાદ આ કેસ રાણપુર ખાતે નવી દીવાની ફોજદારી કોર્ટ થતા રાણપુરના મહે.જ્યુડી.ફસ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતા નામદાર કોર્ટે આરોપી અશોક પરમાનંદભાઈ પરમાર ને ચેક રીટર્ન કેસમાં એક વર્ષની સજા અને વળતર પેટે રૂ.૧.૫૦.૦૦૦ ચુકવવા હુકમ કર્યો હતો.

ધોરડોમાં તા.૧૧ અને ૧૨મી જાન્યુઆરીએ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે

ભુજ, ગુજરાતને પ્રવાસન ક્ષેત્રે આગવું સ્થાન પ્રાપ્ત થાય તે માટે દર વર્ષની જેમ ચાલુ વર્ષે કચ્છના ધોરડો ખાતે આગામી તા.૧૧ અને ૧૨મી જાન્યુઆરીએ બે દિવસ માટે આંતરરાષ્ટ્રીય કાઈટ ફેસ્ટિવલનું આયોજન કરાયું છે. આ મહોત્સવમાં આંતરરાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય પતંગબાજોને ભાગ લેવા માટે લાવવાની કામગીરી પ્રવાસન નિગમ દ્વારા કરવામાં આવશે તેમ વધુમાં નિવાસી અધિક કલેકટર કે.એસ.ઝાલા દ્વારા જણાવાયુંછે.

ફરાર આરોપીઓને હાજર થવા ગીરગઢડા કોર્ટ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ

ગીર સોમનાથ, ગીરગઢડા પોલીસ સ્ટેશન દ્વારા ઈ.પી.કો.ક. ૪૦૩, ૪૦૬, ૪૦૯, ૪૬૭, ૪૬૮ મુજબના કામનો આરોપી ડી.વી. પારઘી રહે.મેણાજ કંકાશા તા-માંગરોળ ગુનો કર્યા બાદ આજ દિન સુધી હાજર ન થતા ગીરગઢડા કોર્ટ દ્વારા જાહેરનામુ કલમ-૮૨ મુજબ તા.૧૯-૧-૧૯ સુધીમાં આરોપીને કોર્ટમાં હાજર થઈ જવાબ આપવા જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

ઈ.પી.કો.ક.૩૭૯,૧૧૪ મુજબનો ગુનો કરનાર દિનેશ કનુભાઈ ગજેરા પટેલ રહે.વાવેરા તા. રાજુલાવાળો, ઈ.પી.કો.ક.૪૫૭, ૩૮૦ના કામનો આરોપી કાના રણછોડભાઈ ચારોલીયા દેવીપુજક રહે.દોલતી તા.સાવરકુંડલા જિ.અમરેલી, ઈ.પી.કો.ક. ૩૬૬,૩૮૦ના કામનો આરોપી જયસુખ બાલુભાઈ કોળી રહે. ટીંબરવા તા.ગીરગઢડા, ઈ.પી.કો.ક. ૩૨૩, ૫૦૪,૧૧૪ તથા જી.પી.એ.કલમ ૧૩૫ મુજબ કામના આરોપી રાધુબેન વા./ઓ પ્રવિણ બાલુભાઈ રહે.લોંગડી તા.બગદાણા જિ.ભાવનગર, ઈ.પી.કો.ક. ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૧૧૪ ના કામનો આરોપી (૧) ધિરૂ હમીરભાઈ સોલંકી, (૨) નાનબાઈબેન વા/ઓ હમીરભાઈ સોલંકી રહે. બન્ને અંબાડા તા.ગીરગઢડા તેમજ ઈ.પી.કો.ક. ૩૭૯, ૪૬૧, ૧૧૪ તથા (૨) ફ ૩૧/૨૦૦૦ ઈ.પી.કો.ક. ૩૯૨, ૧૧૪ તથા (૩) ફ ૩૨/૨૦૦૦ ઈ.પી.કો.ક. ૩૯૨,૧૧૪ મુજબના કામના આરોપી ઈબ્રાહીમ ડફેર રહે.ગડીયા ચાવંડ તા.ધારી જિ.અમરેલી વાળાઓ સહિતના આરોપીઓએ ગુનો કર્યા બાદ આજ દિન સુધી નાસતો ફરતો હોવાથી ગીરગઢડા કોર્ટ દ્વારા આરોપીઓને હાજર થવા ફરકાવવાનું જાહેરનામુ કલમ-૮૨મુજબ તા.૧૯-૧-૧૯ સુધીમાં આરોપીને ગીરગઢડા કોર્ટમાં હાજર થઈ જવાબ આપવા જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. તેમ પો.સબ.ઈન્સ.ગીરગઢડા પો.સ્ટે.કે.એન.અઘેરાની યાદીમા જણાવેલ છે.

વિરમગામ રૂરલ પો સ્ટેના વણશોધાયલ લુંટના ગુનાનો ટેકનોલોજીનો ઉપયોગ કરીને ભેદ ઉકેલી ત્રણ આરોપીઓને ઝડપી પાડતી વિરમગામ રૂરલ પોલીસ

પોલીસ અધીક્ષક આર.વી.અસારી નાઓની સુચનાથી તથા નાયબ પોલીસ અધીક્ષક પી.ડી. મણવર વિરમગામ વિભાગ નાઓના માર્ગદર્શન અનુસાર જીલ્લામાં ગુનાહીત પ્રવૃતિઓ કરતા ઈસમો ઉપર વોચ રાખી અસરકારક કામગીરી કરવા સુચના આપેલ છે. જે અન્વયે વિરમગામ રૂરલ પોલીસ સ્ટેશનના પી.સબ.ઈન્સ. આર આઈ સોલંકીનાઓના તાબાના માણસોને પો.સ્ટે. વિસ્તારમાં ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઈસમો ઉપર વોચ રાખવા સુચના આપેલ હતી. જે માર્ગદર્શન હેઠળ વિરમગામ રૂરલ પો.સ્ટેશનના માણસોએ ટેકનોલોજીનો ઉપયોગ કરીને સાહીદખાન જૈનખાન પઠાણ ઉ-૨૫ વર્ષ રહે, વિરોચનનગર સાણંદ, હનીફ રહીમભાઈ સિપાઈ ઉ-૨૨ વર્ષ રહે, પંથોડા કડી, મહેસાણા, વિરૂભા કીરિટસિંહ સોલંકી ઉર્ફે જાકીરખાન બાબખાન મલેક ઉ-૨૧ વર્ષ રહે વિરોચનનગર સાણંદ અમદાવાદને પોલીસ સ્ટેશન લાવી તપાસ હાથ ધરી હતી અને લુંટની કબુલાત કરતા લુટના ગુનાનો ભેદ ઉકેલાયો હતો. જેમાં પલ્સર બાઈક તેમજ ૧૮૮૦૦ રૂપીયા રોકડ સહીતનો મુદ્દામાલ રીકવરક કરીને બાઈક કબ્જે લીધુ હતુ. આ લુંટ કેસનો ભેદ ઉકેલવામાં જયદિપસિંહ, નરેશભાઈ, ચેહરભાઈ, રાજુભાઈ સહિતના પોલીસ અધિકારીઓને સફળતા મળી હતી.

ગીર સોમનાથ જિલ્લામાં ચાઈનીઝ બનાવટના દોરા/ લેન્ટર્નના ઉત્પાદન વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ

ગીર સોમનાથ : મકરસંક્રાતીના તહેવાર દરમ્યાન પાકા દોરાઓથી પતંગ ચગાવવામાં આવે છે. તેવા દોરાઓ પૈકી જે દોરાઓ અન્ય સિન્થેટીક પદાર્થોમાંથી બનાવવામાં આવતા ચાઈનીઝ દોરાઓ તરીકે ઓળખાતા દોરાઓથી પતંગ ચગાવતા સમયે આકાશમાં ઉડતા પક્ષીઓ તથા માણસોને ગંભીર પ્રકારની ઈજાઓ થાય છે. તેમજ આવા દોરાઓના કારણે જમીન ઉપર પાણીના નિકાલથી પશુઓની વસ્તીવાળા વિસ્તારોમાં ખરાબ/ વિપરીત અસરો થાય છે. જેને ધ્યાને લઇ ગીર સોમનાથ જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એચ.આર. મોદીને અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ જાહેરનામું બહાર પાડી મકરસંક્રાતી પર્વમાં ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ચાઈનીઝ લેન્ટર્નના ઉત્પાદન, વેંચાણ અને ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.





સાબરકાંઠા કડવા પાટીદાર સમાજનું સ્નેહમિલન સમારોહ છઠ્ઠીએ યોજાશે

ઈકો ટુરિઝમ પદમ ડુંગરી ખાતે યોજાશે સમારોહ - સમારોહમાં પર્યાવરણ બચાવો. પાણી બચાવો અને સ્વચ્છતા અભિયાન જેવા કાર્યક્રમો ની સમજ પણ અપાશે

સુરત

સાબરકાંઠા કડવા પાટીદાર સમાજના ઉપક્રમે આગામી છઠ્ઠી જાન્યુઆરીએ તેવીસમો સ્નેહમિલન સમારોહ ઈકો ટુરીઝમ પદમડુંગરી પુણ્યસલિલા અંબિકા નદીના કિનારે પાકૃતિક સ્થળે યોજવાનુ નિયત કરાયું છે

સમાજ ની એકતા થી સંગઠન મજબૂત બને છે સમાજનો સર્વાંગી વિકાસ અને ઘડતર થાય અને તમામ નું યોગદાન રહે તેવા હેતુસર ૨૩ વર્ષ પહેલા સાબરકાંઠા કડવા પાટીદાર સમાજ. સુરત ની સ્થાપના સુરતમાં વસતા શ્રેષ્ઠીઓની આગેવાનીમાં કરવામાં આવી હતી અને આજે આ સમાજ વામન સ્વરૂપ માંથી ધીમે ધીમે પણ મક્કમ ગતિએ વિરાટ બન્યો છે

ત્યારે રોજબરોજની ઘટમાળમાંથી બ્રેક લેવા તેમજ ઝડપી યુગમાં સમયની સાથે તાલ મિલાવવા મનુષ્ય સતત હાંફતો રહે છે અને દિમાગને પલવારની ફુરસદ હોતી નથી તેમજ તન મન એટલા ઘસાય છે ત્યારે તેને ઉજવા અનિવાર્યે થઈ પડ્યું છે પ્રવાસ અથવા પિકનિક આપણા સ્પેર પાર્ટસને નું કામ કરે છે જેથી સાઈટ પર જવાની શ્રેષ્ઠ મોસમ મા ઈકો ટુરિઝમ પદમ ડુંગરી ખાતે સાબરકાંઠા કડવા પાટીદાર સમાજ સુરત ના તમામ પરિવારોને હરિયાળી સમૃદ્ધિ સાથે પ્રકૃતિ પ્રેમીઓને મુલાકાત લેવાનો અને મ્હાલવાનો અવસર આપવા અનોખા સ્થળે ત્રેવીસ મો સ્નેહમિલન સમારોહ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે આગામી છઠ્ઠી જાન્યુઆરીના રોજ દિવસભરના સમાજને લગતા હિતકારી કાર્યક્રમનુ પણ સંગાથે આયોજન કરવામાં આવ્યું છે પરિવારોને પર્યાવરણ બચાવો. જલ બચાવો. સ્વચ્છતા અભિયાન અંગે ની કાર્યક્રમ થકી વિસ્તૃત સમજ આપવામાં આવનાર છે

ઉલ્લેખનીય છે કે પ્રવાસન ધામ ની એક પોતીકી ઓળખ હોય છે અને એક અને તેની આમન્યા જરવાય તો તેનું સૌંદર્ય અખંડ રહે. આ બધાથી વિશિષ્ટ અને મૂલ્યવાન છે ત્યાંની ખામોશી. ત્યાં પ્રકૃતિ સિવાય નાના ભૂલકાઓને રમત-ગમત તેમજ દૂર- સદૂર સુધી કુદરત નું સામ્રાજ્ય તરબતર કરી દેતી તાજી હવા. તેમાં પણ ગાઢ વનરાજી અને તેની વચ્ચે વસતી વનસંપદા તથા વન્ય સૃષ્ટિ. નાની ટચૂકડી ટેકરીઓ અને રૂમઝુમ નૃત્ય કરતાં અંબિકા નદીના ખળખળ વહેતા ઝરણા આવા વાતાવરણમાં સમાજનો સમૂહ સાથેનો સમારોહ કરવો એક અલાયદો આનંદ છે એટલે જ સાબરકાઢા કડવા પાટીદાર સમાજ સુરત નો સ્નેહ મિલન સમારોહ સુરત થી સો કિલોમીટર દૂર યોજવાનુ સમાજના શ્રેષ્ઠીઓ એ પરિવારોને આનંદ-પ્રમોદ સાથે સમાજનો વિકાસ કેવી રીતે કરી શકાય એના કતેવયના પાઠ ભણાવવા નક્કી કરવામાં આવ્યું છે.

પીપલોદ સૌમ્ય એપાર્ટમેન્ટમાં દારૂની મહેફિલમાં પોલીસ ત્રાટકી

થર્ટી ફર્સ્ટની ઉજવણી કરતા છ મિત્રોની ધરપકડ

સુરત

થર્ટીફર્સ્ટની રાત્રિએ દારૂની મહેફિલ જમાવીને બેઠેલા છ મિત્રોની ઉમરા પોલીસ બાતમીના આધારે ધરપકડ કરી હતી.

ઉમરા પોલીસે બાતમીના આધારે થર્ટીફસ્ટની રાત્રે ૧૧.૨૫ કલાકે પીપલોદ તાજ હોટલની ગલી સૌમ્ય એપાર્ટમેન્ટમાં ફ્લેટ નં. ૫/ડી માં દરોડા પાડ્યા હતા. આ ફ્લેટમાં દારૂની મહેફિલ જમાવીને બેઠેલા કરણ વિનય ઠાકર, પ્રેમજી જિતેન્દ્ર શાહ, જિગર પ્રસાદ, ભાવેશ ગાંગાણી, ચેતન પારેખ, દિવ્યાંગ રાજની ધરપકડ કરી હતી. ઉમરા પોલીસે છ જણાંની સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પોલીસે થર્ટીફર્સ્ટની રાત્રે ફ્લેટમાં દારૂની યોજેલી મહેફિલમાં પોલીસ ત્રાટકતા છ મિત્રોએ થર્ટીફર્સ્ટની રાત્રિ પોલીસ કસ્ટડીમાં વિતાવવાની નોબત આવી હતી.

અઠવામાં કુરિયરની ઓફિસમાં રોકડા રૂા.૪૩ હજારની ચોરી

સુરત

અઠવાલાઈન્સ મહાવીર હોસ્પિટલ નજીક આવેલી કુરિયર સર્વિસની ઓફિસમાંથી રોકડા રૂપિયા ૪૩ હજારની ચોરી થઈ હતી. જ્યારે ગોડાદરા ખાતે મોબાઈલ ટાવરના એ.સી. કોમ્પ્રેશનમાં શીશુ-તાંબાની ચોરી થઈ હતી. અઠવા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અઠવાલાઈન્સ મહાવીર હોસ્પિટલ પાસે પ્રેસિડેન્ટ પ્લાઝા એલ/૧૩ વાળી ઓફિસનું શટર તોડી અજાણ વ્યક્તિ રોકડા રૂપિયા ૪૩૦૦૦ ચોરી કરી હતી ગયા હતા. બનાવ સંદર્ભે કુરિયર સર્વિસ ચલાવતા ઓફિસ માલિક સતીષ કરશન બળેજાએ અઠવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જ્યારે બીજા બનાવમાં ગોડાદરા હરિહંત કોમ્પલેક્ષ ખાતે આવે ઈન્ડશ કંપનીના મોબાઈલ ટાવરના એ.સી. કોમ્પ્રેશનમાંથી અજાણ્યો વ્યકિત રૂા. ૧૦ હજારની કિંમતનું શીશુ-તાંબુની ચોરી કરી ગયો હતો બનાવની સંદર્ભે બાલુભાઈ સોમાભાઈ ચાવડાએ લીંબાયત પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

રાજદ્રોહ કેસ : અલ્પેશ કથીરિયા સામે સેશન્સ કોર્ટે નોટીસ કાઢી

જામીન રદ કરવાની અરજીની તા.૪'થીએ સુનાવણી

સુરત

રાજદ્રોહના ગુનામાં હાલમાં જામીન મુક્ત છે. તેવા આરોપી અલ્પેશ કથીરિયાના જામીન રદ કરવા માટે ડીસીબી દ્વારા કરવામાં આવેલી પરચુરણ અરજીની સુનાવણી ૪થી જાન્યુઆરીના રોજ થશે. જોકે, સેશન્સ કોર્ટે આરોપીને કોર્ટ સમક્ષ હાજર રહેવાની એક નોટીસ ગતરોજ કાઢી હતી. જેની બજવણી કરવાના ચક્રોગતિમાન ડીસીબી દ્વારા શરૂ કરાયા છે. જોકે, આરોપી તરફે જામીન અરજી રદ કરવાની પરચુરણ અરજીનો જવાબ એડવોકેટ યશવંતસિંહ વાળા આપશે.

આ કેસની વિગતો એવી છે કે, અમરોલી પોલીસ મથકમાં પૂર્વ ડીસીબી મકરંદ ચૌહાણે હાર્દિક પટેલ, ચિરાગ દેસાઈ તથા વિપુલ દેસાઈ સામે રાજદ્રોહની ફરિયાદ આપી હતી. જેની તપાસ ડીસીબીના પૂર્વ પીઆઈ દહીયા કરતા હતા. પોલીસે તમામ આરોપીઓની તબક્કાવાર ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યા હતા. ત્યારબાદ પોલીસે અલ્પેશ કથીરિયાની સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી ટ્રાન્સફર વોરંટ દ્વારા ધરપકડ કરી સુરત કોર્ટમાં રજૂ કર્યા હતા. લાજપોર જેલમાં બંધ અલ્પેશને અદાલતે જામીન મુક્ત કર્યા બાદ તેણે કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ બગાડી હતી અને એસીપી પરમારને પણ બેફામ ગાળો ભાંડી હતી. ડીસીબી દ્વારા તેના જામીન રદ કરવાની એક પરચુરણ અરજી કરી હતી. જેની સામે સોમવારના રોજ અદાલતે નોટીસ કાઢી ૪થી જાન્યુઆરીના રોજ અલ્પેશને કોર્ટ સમક્ષ હાજર થવાનો હુકમ કર્યો હતો. ડીસીબી દ્વારા અલ્પેશને નોટીસ બજાવવાના ચક્રોગતિમાન કરાયા હોવાનું વિશ્વસનીય સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

ભારતના સૌથી લાંબા રેલ કમ રોડ બ્રીજમાં એસ્સાર સ્ટીલનું પ્રદાન

સુરત

ભારતનાં પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્ર મોદીએ ૨૫ ડિસેમ્બર ૨૦૧૮નાં રોજ બોગીબીલ પુલનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પુલ માટે કસ્ટમાઈઝ હાઈ ગ્રેડ હેવી પ્લેટની સૌથી મોટી સપ્લાયર કંપનીઓમાં એસ્સાર સ્ટીલ સામેલ છે. બોગીબીલ પુલ પૂર્વ ભારતને જોડે છે, જેથી આ વિસ્તારના વિકાસ માટે ઝડપી ટર્નએરાઉન્ડ પ્રદાન થશે અને વધારે તકો ઊભી થશે. આ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં પાર્ટનર બનવા બદલ એસ્સાર સ્ટીલને ગર્વ છે. કંપનીએ પુલ માટે વિશિષ્ટ સ્ટીલ વિકસાવીને કેટલુંક પથપ્રદર્શક પ્રદાન કર્યું છે. જ્યારે સટીલ ટકાઉક્ષમતા અને મજબૂતી માટે બનાવવામાં આવ્યું હતું. ત્યારે બ્રીજ ધરતીકંપનું જોખમ ધરાવતાં ઝોનમાં છે એ હકીકતને ધ્યાનમાં રાખવામાં આવી હતી. કંપનીએ પ્રોજેક્ટ માટે જરૂરી આશરે ૩૩ ટકા સ્ટીલનો પુરવઠો પૂરો પાડ્યો છે.

એસ્સાર સ્ટીલનાં સેલ્સ એન્ડ માર્કેટિંગના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર વિક્રમ અમિને કહ્યું હતું કે, દેશ માટે સૌથી લાંબો રેલ-કમ-રોડ પુલ બનાવવા આ પ્રકારનાં સીમાચિન્હરૂપ પ્રયાસમાં સામેલ થવું ગર્વની બાબત છે. એસ્સાર સ્ટીલ ગુણવત્તાયુક્ત અને કસ્ટમાઈઝ ખાસિયતો માટે પ્રસિદ્ધ છે એટલે અત્યારે દેશના ઘણાં મોટા માળખાગત પ્રોજેક્ટમાં સામેલ હોવાનો ગર્વ છે. મેક ઈન ઈન્ડિયા ઉત્પાદનો મારફતે રાષ્ટ્રનિર્માણમાં અમે સતત પ્રદાન કરતાં રહીશું એવી આશા છે. પોતાની અત્યાધુનિક સંશોધન સુવિધાઓ મારફતે એસ્સાર સ્ટીલ ગ્રાહક ઈચ્છે એ મુજબ શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત ઘણાં વિશિષ્ટ સ્ટીલ વિકસાવવામાં પથપ્રદર્શનનો ટ્રેક રેકોર્ડ ધરાવે છે.

સીટી બસનો કતારગામ સુધીનો રૂટ સિંગણપોર સુધી લંબાયો

સિંગણપોરથી નીલગીરી સર્કલ સુધી બસ દોડશે

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બીઆરટીએસ અને સીટી બસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. હાલમાં બીઆરટીએસ અંતર્ગત કુલ ૧૦ રૂટ તથા સીટી બસ અંતર્ગત કુલ ૩૨ રૂટ કાર્યરત છે. જેમાં દૈનિક આશરે સરેરાશ ૨ લાખથી વધુ મુસાફરો જાહેર પરિવહન સેવાનો લાભ લઈ રહેલ છે. જાહેર પરિવહન સેવા અંતર્ગત સીટી બસમાં હાલમાં કાર્યરત રૂટ નં.૨૫૪ ચંદ્રશેખર આઝાદ બ્રીજ કતારગામથી લીંબાયત સુધી કાર્યરત છે. જે હાલમાં કાસકીવાડ, ભાગળ, રેલવે સ્ટેશન, કમેલા દરવાજા, આંજણા, નીલગીરી સર્કલ, ગોડાદરા થઈ લીંબાયત સુધી કાર્યરત છે. પરંતુ સિંગણપોર તથા સુમન દર્શન હાઉસિંગના વિસ્તારના મુસાફરો રેલવે સ્ટેશન અને લીંબાયત સુધી વધુ મુસાફરી કરતા હોય તેઓની જરૂરીયાત અને માંગણીને ધ્યાને લઈ આ રૂટમાં જરૂરી ફેરફાર કરવામાં આવેલ છે. જે આવતીકાલથી સુમન દર્શનથી લીંબાયત વાયા કતારગામ દરવાજા, ગોટાલાવાડી, પટેલ નગર, રેલવે સ્ટેશન, કમેલા દરવાજા, આંજણા, નીલગીરી સર્કલ ગોડાદરા થઈને જશે.

આમ, રૂટ નં.૨૫૪ જે ચંદ્રશેખર આઝાદ બ્રીજ કતારગામથી લીંબાયત સુધી કાર્યરત હતો તે રૂટને જાહેર જનતાની સગવડતા ખાતર આજરોજથી સુમન દર્શન થી લીંબાયત વાયા કતારગામ દરવાજા, ગોટાલાવાડી, પટેલનગર, રેલવે સ્ટેશન, કમેલા દરવાજા, આંજણા, નીલગીરી સર્કલ, ગોડાદરા કરવામાં આવેલ છે. જે પીકઅવર્સ ૧૫ મિનિટની ફ્રિકવન્સીથી કાર્યરત રહેશે. જેની જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

મઢી સુરાલી નાગરિક સહકારી મંડળીમાં કર્મચારી પર હુમલો

સુરત

બારડોલી તાલુકા મઢી ગામ ખાતે આવેલી મઢી-સુરાલી નાગરિક સહકારી મંડળી પાસે આવેલા એક રસ્તા પરથી ચાર ચક્રિય વાહનમાં આવેલા અજાણ્યા ૬ ઈસમોએ લાકડીના સપાટા મારી ધિરાણ મંડળીના કર્મચારીના શરીરે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હોવાનો બનાવ બારડોલી પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે રાયોટીંગનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર બારડોલી તાલુકાના મઢી ગામના સુરાલી ગણેશ મંદિર ખાતે રહેતા વિઠ્ઠલભાઈ ભીખાભાઈ રબારી મઢી-સુરાલી નાગરિક સહકારી ધિરાણ મંડળી ખાતે નોકરી કરે છે. ગત ૩૧મી ડિસેમ્બરના રોજ લાલ કલરની ફોર વ્હીલ ગાડીમાં ૬ ઈસમો આવ્યા હતા. અને મંડળીના ગ્રાઉન્ડમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી લાકડાના સપાટા વડે કર્મચારીને માર મારી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા.



જય કુંભકાર ॥ સંઘે શક્તિ કલૌયુગે ॥ જય કુંભકાર

સમસ્ત પ્રજાપતિ સમાજ સ્નેહ મિલન

ભરૂચ જિલ્લો

≋ આમંત્રણ પત્રિકા ≋

પ્રતિ, _____

આપશ્રીને જાણ કરતા આનંદની અનુભૂતિ થાય છે કે ભરૂચમાં **દ્વિતીય** વખત આપણા ભરૂચ જીલ્લાના સર્વ ગોળ પ્રજાપતિ સમાજનું સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું છે. તો આપને સહકુટુંબ કાર્યક્રમમાં પધારવા માટે આમંત્રણ છે. આ પ્રયાસને આપ પ્રોત્સાહન આપશો. આપના સૌના સાથ અને સહકારથી સૌ ભેગા મળીને સમાજની સેવા કરીએ, સમાજના ઉત્કર્ષ માટે આપણે સૌ સાથે બેસીને ચિંતન કરીએ, એવી આશા સહ આપને ભાવભીનું આમંત્રણ પાઠવીએ છીએ.

કાર્યક્રમની રૂપરેખા

- દિપ પ્રાગટય
- પ્રસંગોચિત પ્રવચન
- ધોરણ - ૫ થી ૧૨ ના પ્રથમ આવનાર વિદ્યાર્થીઓનું સન્માન
  (વિદ્યાર્થીએ માર્કશીટની ઝેરોક્ષ કોપી જમા કરાવવી જરૂરી છે.)
- સમાજના અગ્રણીઓનું ઉદ્બોધન
- સાંસ્કૃતિક કાર્યક્રમ

તારીખ : ૬-૧-૨૦૧૯, રવિવાર **સમય : સવારે ૧૦.૦૦ થી ૧.૦૦**

સ્થળ : શ્રી નીલકંઠેશ્વર મહાદેવ મંદિર, સરદાર બ્રીજ પાસે, ને.હા.નં. ૮, ઝાડેશ્વર, ભરૂચ

નોંધ : સ્વરૂચી ભોજન સાથે લઈશું.

:સંપર્ક સૂત્રો :

મનુભાઈ પ્રજાપતિ, જંબુસર - 96620 54493
દિવ્યાંસુભાઈ પ્રજાપતિ, ભરૂચ નગર - 99250 17231
રાકેશભાઈ પ્રજાપતિ, વાલીયા, હાંસોટ - 94271 15995
સતિષકુમાર ઓઝા, શક્તિનાથ - 99980 05590
ઈશ્વરભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 94274 13050
ભાવિન પ્રજાપતિ, ઝાડેશ્વર ગામ - 97277 26783
યોગેશભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -98247 83282
ધિરજભાઈ પ્રજાપતિ, ભરૂચ તાલુકો - 99740 53035
ઉર્વેશભાઈ ગુર્જર, જંબુસર તાલુકો - 96877 68831
નિશાંતભાઈ પ્રજાપતિ, આમોદ તાલુકો - 76000 98903
અરૂણભાઈ પ્રજાપતિ, અંકલેશ્વર તાલુકો - 99042 11664
પ્રકાશભાઈ પ્રજાપતિ, માંડવા વિસ્તાર - 94271 08651
જીતેશભાઈ પ્રજાપતિ, ઝઘડિયા તાલુકો - 99247 15146
જીતુભાઈ પ્રજાપતિ, નેત્રંગ તાલુકો - 94292 84130
જયેશભાઈ પ્રજાપતિ, નેત્રંગ તાલુકો - 94273 16041
અતુલભાઈ પ્રજાપતિ, જંબુસર - 98984 11396
મનિષભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -99989 46476
ઉમેશભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -99747 07996
જગદિશભાઈ પ્રજાપતિ, આમોદ - 89802 25857
મુકેશભાઈ પ્રજાપતિ, જુના તવરા - 94284 61033
ધર્મેશભાઈ ગુર્જર, ભરૂચ નગર - 81280 95035
દેવેન્દ્રભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 90999 23463
પ્રફ્લેશભાઈ દલવાડી, સી.ડીવી.પોલીસ સ્ટેશન -98241 24395
પ્રભુદાસભાઈ પ્રજાપતિ, જંબુસર - 99255 47487
રમણાભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 96386 29784

લાલબહાદુર શાસ્ત્રી લોકો વચ્ચે એવા વ્યક્તિ બનીને ઉભર્યા કે જેમણે લોકોની ભાવનાઓને સમજી



સવારના સમયે લોકો પોતાના ઘરેથી બહાર નિકળી રહ્યા છે અને વિદ્યાર્થીઓ શાળા કોલેજ તરફ જઈ રહ્યા છે ત્યારે રસ્તામાં નિશા અને નિલેશની મુલાકાત થાય છે. સવારમાં જ નિલેશને જોતાની સાથે જ નિશાના ચહેરા પર સ્મિત આવી જાય છે કેમકે નિશા નિલેશને પોતાની પણ વધુ પ્રેમ કરે છે. તો નિલેશ પણ નિશાને નિસ્વાર્થ પ્રેમ કરે છે. સવારમાં જ બન્ને પ્રેમી પંખીડાઓ કોલેજમાં આવી જાય છે અને કોલેજમાં આવીને જાણ થાય છે કે ૧૧ જાન્યુઆરીએ કોલેજમાં વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ છે. નિશાએ પ્રશ્ન કર્યો કે, નિલેશ તું ક્યાં મહાપુરૂષના જીવન વિશે વકૃત્વ સ્પર્ધામાં બોલીશ. નિલેશે કહ્યુ કે ૧૧ જાન્યુઆરીએ તો ભારતમાતાના પનોતા પુત્ર શ્રી લાલ બહાદુર શાસ્ત્રીજીનો નિર્વાણ દિન છે એટલે હું શ્રી લાલ બહાદુર શાસ્ત્રીના જીવન વિશે બોલીશ. શ્રી લાલ બહાદુર શાસ્ત્રીના જીવન વિશે તું શુ બોલીશ એ તો મને કહે તેમ નિશાએ કહ્યુ ત્યારે નિલેશ પ્રતિઉત્તરમાં જણાવ્યુ કે એ તો તું ૧૧ જાન્યુઆરીએ વકૃત્વ સ્પર્ધામાં સાંભળી લેજે. નિશા કહે છે કે તું મને અત્યારે જ શ્રી લાલ બહાદુર શાસ્ત્રીના જીવન વિશે જણાવ નહિતર હું તારી સાથે નહિ બોલુ. નિશાની જીદ આગળ નિલેશને આખરે નમવુ પડે છે અને નિલેશ શ્રી લાલ બહાદુર શાસ્ત્રીના જીવન વિશે વાત કરવાની શરૂ કરે છે.

નિલેશે કહ્યુ કે, "શ્રી લાલ બહાદુર શાસ્ત્રીનો જન્મ ૨ ઓક્ટોબર, ૧૯૦૪ના રોજ ઉત્તર પ્રદેશના વારાણસીથી સાત માઈલ દૂર એક નાના રેલવે ટાઉન, મુગલસરાયમાં થયો હતો. તેમના પિતા એક સ્કૂલ શિક્ષક હતા. જ્યારે લાલ બહાદુર શાસ્ત્રી માત્ર દોઢ વર્ષના હતા ત્યારે તેમન પિતાનું દેહાંત થઈ ગયું હતું. તેમની માતા તેમના ત્રણેય સંતાનો સાથે પોતાના પિતાના ઘરે જઈને વસ્યા હતા. એ નાના એવા શહેરમાં લાલ બહાદુરની સ્કૂલની શિક્ષા કંઈ ખાસ રહી નહોતી પરંતુ ગરીબીનો માર પડવા છતાં તેમનું બાળપણ પર્યાપ્તરૂપે આનંદમય રહ્યું હતું. તેમને વારાણસીમાં કાકા સાથે રહેવા મોકલાયા હતા જેથી ઉચ્ચ વિદ્યાલયનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે. ઘરમાં તેમને સહું નન્હેના નામથી બોલાવતા હતા. તેઓ ઘણા માઈલનું અંતર ઉઘાડા પગે જ ચાલીને શાળાએ જતા હતા, એ ત્યાં સુધી કે ભીષણ ગરમીમાં જ્યારે રસ્તાઓ ખૂબ જ ગરમ હતા ત્યારે પણ તેમને આવી રીતે જ જવું પડતું હતું. મોટા થવાની સાથે જ લાલ બહાદુર શાસ્ત્રી વિદેશી ગુલામીમાંથી આઝાદી માટે દેશના સંઘર્ષમાં વધારે રસ દાખવવા લાગ્યા. તેઓ ભારતમાં બ્રિટિશ શાસનનું સમર્થન કરી રહેલા ભારતીય રાજાઓની મહાત્મા ગાંધી દ્વારા કરાયેલી નિંદાથી અત્યંત પ્રભાવિત થયા હતા. લાલ બહાદુર શાસ્ત્રી જ્યારે માત્ર ૧૧ વર્ષના હતા ત્યારથી જ તેમણે રાષ્ટ્રીય સ્તરે કંઈક કરવાનું મનમાં વિચારી લીધું હતું. ગાંધીજીએ અસહયોગ આંદોલનમાં સામેલ થવા માટે પોતાના દેશવાસીઓને આહવાન કર્યું હતું, આ સમયે લાલ બહાદુર શાસ્ત્રી માત્ર ૧૬ વર્ષના હતા. તેમણે મહાત્મા ગાંધીના આ આહવાન પર પોતાનું ભણતર છોડી દેવાનો નિર્ણય કરી લીધો હતો. તેમના આ નિર્ણયે તેમની માતાની આશાઓ તોડી નાંખી. તેમના પરિવારે તેમના આ નિર્ણયને ખોટો ગણાવીને તેમને રોકવાના ઘણા પ્રયત્નો કર્યા હતા પંરતુ તેઓ નિષ્ફળ રહ્યાં. લાલ બહાદુરે પોતાનું મન મનાવી લીધું હતું. તેમના બધા નજીકના લોકોને એ ખબર હતી કે એક વખત મન મનાવી લીધા બાદ તેઓ પોતાનો નિર્ણય ક્યારેય નહી બદલે કેમ કે બહારથી વિનમ્ર દેખાતા લાલ બહાદુર અંદરથી ખડક જેવા દ્રઢ હતા. લાલ બહાદુર શાસ્ત્રી બ્રિટિશ શાસનની અવજ્ઞામાં સ્થાપિત કરાયેલી ઘણી રાષ્ટ્રીય સંસ્થાનોમાંથી એક કાશી વિદ્યાપીઠમાં સામેલ થયાં હતા. અહી તેઓ મહાન વિદ્વાનો તેમજ દેશના રાષ્ટ્રવાદીઓના પ્રભાવમાં આવ્યા. વિદ્યાપીઠ દ્વારા તેમને પ્રદત્ત સ્નાતકની ડિ.ગ્રીનું નામ 'શાસ્ત્રી' હતું. પરંતુ લોકોના મનમાં તે તેમના નામના એક ભાગરૂપે વસી ગયું. ૧૯૨૭માં તેમના લગ્ન થયાં હતા. તેમની પત્ની લલિતા દેવી મીરઝાપુરના હતા. જે તેમના શહેરની પાસે જ હતું. તેમના લગ્ન બધી રીતે પારંપરિક હતા. દહેજના નામે એક ચરખો તેમજ હાથથી વણેલું



અમુક મીટર કાપડ હતું. તેઓ દહેજના રૂપમાં એનાથી વધારે બીજું કંઈ પણ ઈચ્છતા નહોતા." શ્રી લાલ બહાદુર શાસ્ત્રીજીએ ગાંધીજી સાથે પણ કામ કર્યું હશેને તેવો નિશાએ પ્રશ્ન કર્યો.

નિલેશે નિશાને જણાવ્યુ કે, "૧૯૩૦માં મહાત્મા ગાંધીએ મીઠાનો કાયદો તોડીને દાંડી યાત્રા કરી હતી. આ પ્રતિકાત્મક સંદેશે સમગ્ર દેશમાં એક પ્રકારની ક્રાંતિ લાવી દીધી હતી. લાલ બહાદુર શાસ્ત્રી જોશભેર સ્વતંત્રતાના સંઘર્ષમાં સામેલ થયાં. તેમણે ઘણા વિદ્રોહી અભિયાનોનું નેતૃત્વ કર્યું તેમજ કુલ સાત વર્ષ સુધી બ્રિટીશ જેલોમાં રહ્યા. આઝાદીના સંઘર્ષે તેમને પૂર્ણતઃ પરિપક્વ બનાવી દીધા હતા. આઝાદી પછી જ્યારે કોંગ્રેસ સત્તામાં આવી તેના પહેલા જ રાષ્ટ્રીય સંગ્રામના નેતા વિનીત તેમજ નમ્ર, લાલ બહાદુર શાસ્ત્રીના મહત્વને સમજી ચૂક્યા હતા. ૧૯૪૬મા જ્યારે કોંગ્રેસ સરકારનું ગઠન થયું તો આ નાના કાર્યકરને દેશના શાસનમાં રચનાત્મક ભૂમિકા નીભાવવાની જવાબદારી અપાઈ હતી. તેમને પોતાના ગૃહરાજ્ય ઉત્તરપ્રદેશના સંસદિય સચિવ નિયુક્ત કરાયા હતા અને ઝડપથી જ તેઓ ગૃહમંત્રીના પદ પર પહોંચી ગયા હતા. સખત મહેનત કરવાની તેમની ક્ષમતા તેમજ તેમની દક્ષતા ઉત્તર પ્રદેશમાં એક ઉદાહરણરૂપ બની હતી. તેઓ ૧૯૫૧માં નવી દિલ્હી આવ્યા તેમજ કેન્દ્રીય મંત્રીમંડળના ઘણા વિભાગોનો પ્રભાર સંભાળ્યો- રેલ મંત્રી, પરિવહન તથા સંચાર મંત્રી, વાણિજ્ય તેમજ ઉદ્યોગમંત્રી. ગૃહમંત્રી તેમજ નહેરુજીની બિમારીના સમયે વિભાગ વગર મંત્રી રહ્યા હતા. તેમની પ્રતિષ્ઠા સતત વધી રહી હતી. એક રેલવે દુર્ઘટના, જેમાં ઘણા લોકો માર્યા ગયા હતા, માટે પોતાને જવાબદાર ઠેરવતા તેમણે રેલવે મંત્રીના પદેથી રાજીનામું આપી દીધું હતું. દેશ તેમજ સંસદે તેમની આ અભૂતપૂર્વ પહેલને બિરદાવી હતી. તત્કાલિન પ્રધાનમંત્રી પંડિત નહેરુએ આ ઘટના અંગે સંસદમાં બોલતા લાલ બહાદુર શાસ્ત્રીની ઈમાનદારી તેમજ ઉચ્ચ આદર્શોની ખૂબ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે તેમણે લાલ બહાદુર શાસ્ત્રીનું રાજીનામું એટલા માટે સ્વીકાર્યું નથી કે જે કંઈ પણ થયું છે તેમના માટે એ જવાબદાર છે પરંતુ એટલા માટે સ્વીકાર્યું છે કે એનાથી બંધારણીય મર્યાદામાં એક દાખલો બેસશે. રેલવે દુર્ઘટના પર લાંબી ચર્ચાનો જવાબ આપતા લાલ બહાદુર શાસ્ત્રીએ કહ્યું "કદાચ હું લંબાઈમાં ટૂંકો હોવાથી તેમજ નમ્ર હોવાને કારણે લોકોને લાગે છે કે હું બહું દ્રઢ નથી થઈ શકતો. જોકે શારીરિક રીતે હું મજબૂત નથી પરંતુ મને લાગે છે કે આંતરિક રીતે હું એટલો પણ કમજોર નથી." પોતાના મંત્રાલયના કામકાજ દરમિયાન પણ તેઓ કોંગ્રેસ પાર્ટી સંબંધિત બાબતોનું ધ્યાન રાખતા તેમજ તેમાં ભરપૂર યોગદાન આપતા હતા. ૧૯૫૨, ૧૯૫૭ તેમજ ૧૯૬૨ની સામાન્ય ચૂંટણીઓમાં પાર્ટીની નિર્ણાયક તેમજ જબરદસ્ત સફળતામાં તેમની સંગઠનની પ્રતિભા તેમજ વસ્તુને નજીકને પારખવાની અદભુત ક્ષમતાનું ખૂબ મોટું યોગદાન હતું. ૩૦થી વધુ વર્ષો સુધી પોતાની સમર્પિત સેવા દરમિયાન લાલ બહાદુર શાસ્ત્રી પોતાની નિષ્ઠા તેમજ ક્ષમતા માટે લોકોમાં ખૂબ પ્રસિદ્ધ થયાં હતા. વિનમ્ર, દ્રઢ, સહિષ્ણુ તેમજ જબરદસ્ત આંતરિક શક્તિવાળા શાસ્ત્રીજી લોકો વચ્ચે એવા વ્યક્તિ બનીને ઉભર્યા જેમણે લોકોની ભાવનાઓને સમજી. તેઓ દૂરદર્શી હતા કે જેથી દેશને પ્રગતિના માર્ગે લઈ આવ્યા. લાલ બહાદુર શાસ્ત્રી મહાત્મા ગાંધીની રાજનૈતિક શિક્ષાઓથી અત્યંત પ્રભાવિત હતા. પોતાના ગુરુ મહાત્મા ગાંધીના લયમાં જ તેમણે એક વખત કહ્યું હતું કે મહેનત પ્રાર્થના કરવા બરાબર છે."

પુર્વ વડાપ્રધાન શ્રી લાલ બહાદુર શાસ્ત્રીજીના જીવન વિશે નિલેશે કહેલી વાતો સાંભળીને નિશાએ ઉત્સાહ અને ઉમંગથી કહ્યુ કે વકૃત્વ સ્પર્ધામાં તારો વિજય નિશ્ચિત છે, તને કોઈ ઝુકાવી નહિ શકે ત્યારે નિલેશ હસતા હસતા કહ્યુ કે, તારા સિવાય બને બીજુ કોઈ ઝુકાવી પણ શકતુ નથી.

ગોપી કલા ઉત્સવમાં સાંસ્કૃત કાર્યક્રમ માણવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા

ગોપી તળાવની રંગબેરંગી રોશની વચ્ચે મનોરંજન તથા વિવિધ વાનગીઓ પણ લોકોએ માણી

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૫માં ગોપી તળાવના ઐતિહાસિક વારસાની જાળવણી તથા શહેરીજનોને મનોરંજન માટે શહેરની મધ્યમાં ગોપીતળાવને નવપલ્લવિત કરી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. દેશની સંસ્કૃતિના જતન અને સંવર્ધન સાથે ભાવિ પેઢીને ઐતિહાસિક વારસાથી અવગત કરાવવા તા.૨૬ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ દરમ્યાન ગોપી તળાવ ખાતે યોજાનાર ગોપી કલા ઉત્સવ ૨૦૧૮ના પ્રથમ દિવસે તા.૨૬-૧૨-૨૦૧૮ના રોજ શહેરની તાલગ્રુપ સંસ્થા અને શાળાના બાળકોએ રજૂ કરેલ સાંસ્કૃતિક કાર્યક્રમને કલાપ્રેમી નગરજનોએ માણ્યો હતો. બીજા દિવસે તા.૨૭-૧૨-૨૦૧૮ના રોજ નૃત્યમ ભરત નાટ્યમ એકેડમી અને નર્તકી ડાન્સ ગ્રુપે સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી લોકોને આકર્ષિત કર્યા હતા. ત્રીજા દિવસે તા.૨૮-૧૨-૨૦૧૮ના રોજ કર્મસુ આર્ટસ સંસ્થાએ જાદુ કળા દ્વારા દેશભક્તિનો સંદેશ, વ્યસન મુક્તિ પર મેસેજ આપતો જાદુ, વ્યસન મુક્તિની થીમ પર ડાન્સ, સ્વચ્છ ગુજરાતની વાતો સાથે જાદુ, બેટી બચાવોની થીમ ડાન્સ તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી ઉપસ્થિત જનમેદની અને ખાસતો બાળકોને ભરપૂર મનોરંજન પુરૂ પાડવા સાથે બેટી બચાવો, સ્વચ્છ ગુજરાત, વ્યસનમુક્તિ અને દેશભક્તિ સંદેશ આપ્યો હતો.

તા.૨૯-૧૨-૨૦૧૮ના રોજ દિવ્યાંગ બાળકોનો ઓરકેસ્ટ્રામાં રજૂ થયેલ ગીતોને માણી સંગીત પ્રેમી નગરજનો ખુશ ખુશાલ થઈ ગયા હતા.

સુરતના ઐતિહાસિક નજરાણા સમા ગોપી તળાવને રંગબેરંગી લાઈટથી ઝગમગતો કરવામાં આવ્યો છે. શહેરની સ્વાદપ્રિય જનતા માટે ફાસ્ટફૂડ સહિતની વિવિધ વાનગીઓના ૧૭ સ્ટોલો પણ ઉપલબ્ધ છે. જ્યારે બાળકોના મનોરંજન માટે અલગ અલગ ૧૦ જેટલી રાઈડ મુકવામાં આવી છે. ગોપી તળાવમાં આવેલ ફુડ ઝોનમાં વિવિધ વાનગીઓના રસાસ્વાદ માણતા, બાળ મનોરંજન સાથેના રંગારંગ કાર્યક્રમોને માણવા પાંચ દિવસમાં ૧૬૪૫૦ જેટલા નગરજનોએ મુલાકાત લીધી છે અને દિન પ્રતિદિન વધુને વધુ માનવ મહેરામણ ઉમટી રહ્યો છે. જેના કારણે આ ઐતિહાસિક ગોપી તળાવની ખ્યાતિ સુરતના સિમાડા પાર કરી સમગ્ર ગુજરાતમાં ફેલાઈ રહી છે. તા.૨૬ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ દરમ્યાન સળંગ છ દિવસ ચાલનારા વિવિધ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તા.૩૦-૧૨-૨૦૧૮ના રોજ હારમોનીકા ક્લબનો હારમોનીકા પર મેલોડી ને ફ્યુટ ફ્યુઝન અને શ્રી વૃષ્ટિ શાહના સથવારે ગીતોનો ગુલદસ્તો કાર્યક્રમને સંગીતપ્રેમી નગરજનોએ માણ્યો હતો.

અંકલેશ્વરમાં તા.૩જીથી એઆઈએ ઈન્ડસ્ટ્રીયલ એક્સપોનું આયોજન

અંકલેશ્વર

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા ૮મો એઆઈએ ઈન્ડસ્ટ્રીયલ એક્સ્પો-૨૦૧૯ તા.૩,૪ અને ૫ જાન્યુઆરી ૨૦૧૯ સુધી એમ ત્રણ દિવસ માટે ડી.એ. આનંદપુરા સાંસ્કૃતિક અને રમત-ગમત સંકુલ, જીઆઈડીસી, અંકલેશ્વર ખાતે યોજાશે. ૧,૨૦,૦૦૦ સ્કવેર ફુટ લેન્ડસ્કેપ એરિયામાં યોજાનારા આ મેગા પ્રદર્શનની અંદર નાના મોટા થઈને ૩૦૦ થી વધારે સ્ટોલ ઉભા કરવામાં આવેલ છે. આ એક્ઝીબિશન સવારે ૧૦.૦૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી ખુલ્લુ રહેશે.

આ એક્ઝીબિશનનું ઉદ્ઘાટન ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ચેરમેન બળવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં રાજ્ય સરકારના માનનીય સહકાર, રમત ગમત અને સાંસ્કૃતિક બાબતો તથા વાહન વ્યવહાર મંત્રી ઈશ્વરભાઈ પટેલ સાહેબના વરદ હસ્તે થશે.

આ એક્ઝિબિશનમાં ફાર્માસ્યુટીકલ્સ, કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, પોલીમર્સ, એગ્રીકલ્ચર પેસ્ટીસાઈડ્સ, ઓઈલ એન્ડ લુબ્રીકેન્ટ, એન્જિનિયરિંગ, ટુલ્સ એન્ડ મશીનરી, પ્રોસેસ કન્ટ્રોલ ઈકવીપમેન્ટ્સ, પોલ્યુશન કન્ટ્રોલ ઈકવીપમેન્ટ્સ, ઈલેક્ટ્રીકલ્સ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ, ઓટોમેશન એન્ડ ઈનસ્ટ્રુમેશન, પાવર એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વી. ઉદ્યોગોએ ભાગ લીધેલ છે. આ એઆઈએ ઈન્ડસ્ટ્રીયલ એક્સપોની મુલાકાત ૫૦૦૦૦ થી વધુ મુલાકાતીઓ લેશે તેવી અપેક્ષા છે.

૪થીએ કામરેજમાં સુરત જિલલાના ગરીબ કલ્યામ મેળાનું આયોજન

સુરત

રાજય સરકારની વિવિધ યોજનાકીય સહાય ગરીબ લાભાર્થીઓને એક જ સ્થળે હાથોહાથ આપવાના આશયથી દર વર્ષે રાજયભરમાં ગરીબ કલ્યાણ મેળો યોજાય છે. સુરત જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો આગામી તા.૦૪-૦૧-૨૦૧૯ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કામરેજ ખાતે વિદ્યાભારતી કેળવણી મંડળ કેમ્પસમાં યોજાશે. જેમાં આરોગ્ય રાજય મંત્રીશ્રી કિશોરભાઈ કાનાણી અને ગુજરાત રાજય પ્રવાસન નિગમના ચેરમેનશ્રી કમલેશભાઈ પટેલના હસ્તે લાભાર્થીઓને હાથોહાથ સાધન સહાયનું વિતરણ કરવામાં આવશે.

શ્રી ત્રિકમ નગર જૈન સંઘમાં શંખેશ્વર પાર્શ્વનાથ દીક્ષા કલ્યાણકની ઉજવણી



પંન્યાસ પ્રવર શ્રી પદ્મદર્શન વિજયજીની નિશ્રામાં ઉજવાયો કાર્યક્રમ

સુરત

લંબેહનુમાન રોડ સ્થિત શ્રી ત્રિકમનગર જૈન સંઘમાં પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી પદ્મદર્શન વિજયજી મહારાજની પાવન નિશ્રામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના દીક્ષા કલ્યાણકની ઉજવણી ભારે હર્ષોલ્લાસ પૂર્વક કરવામાં આવી હતી. પ્રભાથે ભક્તામર સ્ત્રોત દ્વારા પ્રભુનું અભિવાદન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં પ્રભુભક્તો ઉમટ્યા હતા. આ પાવન પ્રસંગે બેઠું વર્ષીદાન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રત્યેક વ્યક્તિને ધૂપનું પેકેટ અને કેશરની પ્રભાવના કરવામાં આવી હતી. બપોરે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન રાખવામાં આવ્યું હતું. પ્રભુભક્તો ભક્તિમાં તન્મય બન્યા હતા. પરમાત્માને ભવ્ય અંગરચના કરવામાં આવી હતી.

સંગીતના સથવારે દીક્ષા કલ્યાણક પ્રસંગની ઉજવણી વખતે પૂ.પંન્યાસ શ્રી પદ્મદર્શનજી મહારાજે વૈરાગ્ય ઝરતી પ્રવચનધારા વહાવતા જણાવ્યું હતું કે, રાગી આત્મા મોહરાજાનો ગુલામ છે. જ્યારે વિરાગી આત્મા ધર્મરાજાનો ગુલામ છે. મોહની ગુલામી કરનારા સંસારમાં પરિક્રમા કરે છે અને ધર્મની ગુલામી કરનારા મુક્તિસુખને માણે છે. વૈરાગ્યના કેન્દ્રબિંદુ તરીકે નિમિત્ત છે. જેટલા આત્માઓ સંયમના માર્ગે ગયા છે તે બધા આત્માઓ કોઈને કોઈ નિમિત્તો પામીને જ ગયા છે. વૈરાગ્યને ટકાવવા માટે ત્યાગ જરૂરી છે. સંયમસુખની સોહામણી પળો દ્વારા સમગ્ર વિશ્વ સુખ અને સમાધિને પ્રાપ્ત કરે છે. આંસુ અને રૂદન એ મોહરાજાના કાતિલ શસ્ત્રો છે. આ શસ્ત્રો દ્વારા નબળો વૈરાગ્ય હોય તે સંયમ જીવનભર ટકી શકતો નથી. આતમગિરિ ઉપર રહેલી મોહની ભેખડોને ધ્વસ્ત કરવાની ક્ષમતા સંયમ જીવનની છે.



સગરામપુરા સ્થિત કે.પી. સંઘવી ટ્રસ્ટ સંચાલિત ભારતી મૈયા હોસ્પિટલમાં માંદગીના કારણે સારવાર માટે દાખલ યુવકનું મૃત્યુ નીપજતા દર્દીના પરિવારજનોએ તબીબો પર આક્ષેપ કરી હોબાળો મચાવતા હોસ્પિટલમાં પોલીસ દોડી આવી હતી.

ભારતીમૈયા ટ્રસ્ટ હોસ્પિટલમાં યુવાન દર્દીનું મોત થતા પરિવારનો હોબાળો

પરિવારજનોએ તબીબોની બેદરકારીનો આક્ષેપ સાથે તોફાન મચાવતા પોલીસ દોડી આવી

સુરત

સગરામપુરા કે.પી. સંઘવી સંચાલિત ભારતી મૈયા હોસ્પિટલમાં યુવકનું મૃત્યુ થતા પરિવારજનોએ ડોક્ટરોની લાપરવાહીનો આક્ષેપ કરી તોફાન મચાવતા અઠવા પોલીસ ઘટના સ્થળે ધસી ગઈ હતી અને ઉશ્કેરાયેલા ટોળાને શાંત પાડવા માટેના પ્રયાસો હાથ ધર્યા હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાથમિક માહિતી મુજબ પાંડેસરા સુખીનગરમાં રહેતો કમલેશ પાટીલ નામના યુવકને શ્વાસ લેવાની તકલીફ પડતા પરિવારે આ યુવકને ભારતીમૈયા હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. ગઈકાલે બપોરથી હોસ્પિટલમાં દાખલ કરાયેલા કમલેશ પાટીલનું આજે સવારે નિધન થતા પરિવારજનો હોસ્પિટલ ખાતે એકત્રિત થયા હતા અને કમલેશ પાટીલના મૃત્યુ બાબતે હોસ્પિટલની બેદરકારીનો આક્ષેપ કરી તોફાન મચાવ્યુ હતુ. ટોળાએ વોચમેનને પણ ફટકારી લીધો હતો અને તોડફોડ શરૂ કરતા હોસ્પિટલે પોલીસને જાણ કરતા અઠવા પોલીસ હોસ્પિટલ ખાતે દોડી ગઈ હતી અને ઉશ્કેરાયેલા પરિવારને પોલીસે શાંત પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

કડીવાલા સ્કૂલના આચાર્ય સિદ્ધાર્થ દેગામીને રાજ્ય કક્ષાનો સારસ્વત એવોર્ડ

અમલા એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા દેગામીને એવોર્ડ અર્પણ કરાયો

સુરત

અત્રે સુરત ખાતે શૈક્ષણિક ક્ષેત્રે સામાજિક પ્રતિબદ્ધતા અને પ્રમાણિકતાની અનિવાર્યતા એ વિષય પર યોજાયેલા શૈક્ષણિક સેમિનાર પ્રસંગે સુરતની કડીવાળા બુન્કી સાર્વજનિક સ્કૂલના આચાર્ય અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના પ્રાથમિક શાળા વિભાગના મંત્રી સિદ્ધાર્થભાઈ દેગામીને શૈક્ષણિક ક્ષેત્રે તેમણે બજાવેલી અદ્વિતીય કામગીરીને અને બાળકોના ઉત્થાન માટે તેમણે કરેલા મહત્વપૂર્ણ કાર્યોને ધ્યાનમાં લઈ અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી રાજ્યકક્ષાનો સારસ્વત એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો છે.

તસ્વીરમાં અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદના પ્રમુખ ગુતરાત રાજ્ય પ્રૌઢ શિક્ષણ સંઘ, અમદાવાદના પ્રમુખ ડૉ. મફતલાલ પટેલના શુભ હસ્તે આચાર્ય સિદ્ધાર્થભાઈ દેગામીને રાજ્યકક્ષાનો સારસ્વત એવોર્ડ અર્પણ કરવામાં આવી રહ્યો છે. બાજુમાં જાણીતા રચનાત્મક કાર્યકર અને ગુજરાત હિતરક્ષક સભા, અમદાવાદના પ્રમુખ ડૉ. અતુલભાઈ પાઠકજ ઉભેલા નજરે પડે છે. અત્રે એ નોંધનીય છે કે આચાર્ય સિદ્ધાર્થભાઈ દેગામી સત્યશોધક સભા સુરતના પ્રમુખ પણ છે.

વેરાના ૮૫૦ કરોડ મળતાં સુરત પાલિકાની આર્થિક સ્થિતી સુધરવાના સંકેત

સુરત

મહાનગરપાલિકાની આવકનો મુખ્ય સ્ત્રોત હાલમાં મિલકત વેરાનો છે. દર વર્ષે વેરાના માંગણાની વધુમાં વધુ વસૂલાત તેમજ સમયાંતરે સર્વે કરીને રીવાઈઝ આકરણીને કારણે વેરા વસૂલાતની આવક વધારવા સતત પ્રયાસો થયા છે. જેના કારણે આ વખતે ગત નાણાકીય વર્ષમાં જેટલી રકમની વસૂલાત થઈ હતી તે ૮૫૧ કરોડની રકમ કેલેન્ડર વર્ષના અંત સુધીમાં જ તિજોરીમાં જમા થઈ ગઈ છે. અને હજુ ત્રણ મહિનામાં આ આવક ૨૦૦ કરોડ જેટલી થાય તેવી આશા સેવવામાં આવી રહી છે.

મહાનગરપાલિકાને ગત નાણાકિય વર્ષ ૩૧ માર્ચ ૨૦૧૮ સુધીમાં ૮૫૧ કરોડ મળ્યાં હતાં. આ વર્ષે પ્રોપર્ટી ટેક્સના કુલ માંગણા ૧૨૩૮ કરોડ છે. જેમાંથી ૬૮ ટકા જેટલા રૂપિયા મળી ચુક્યાં છે. જેનાથી વધીને હજુ બાકીના ત્રણ માસમાં બાકી રહેતી રકમમાંથી ૨૦૦ કરોડની આસપાસની રકમ પાલિકાની તિજોરીમાં જમા થાય તેવી આશા સેવવામાં આવી રહી છે.

સુરત મનપાના મેયર ડો. જગદીશ પટેલે જણાવ્યું હતું કે, પાલિકાને આવક જેમ વધશે તેમ નવા વિકાસના કાર્યોને વેગ મળશે. તમામ રૂપિયા શહેરીજનોની સુવિધાના કાર્યો વધારવા માટે વાપરવામાં આવશે.

અમરોલી કોલેજ દ્વારા જરૂરીયાતમંદોને ધાબળા, સાડી, સેનેટરી કીટનું વિતરણ

સુરત

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી સુરત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ (અં.મા.), વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુ.મા.), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, લાયન્સ ક્લબ ઓફ સુરત-સ્પંદન, શેર એન્ડ કેર ફાઉન્ડેશન (યુનાઈટેડ સ્ટેટ્સ) ના સંયુક્ત ઉપક્રમે શેરડી ગામ અને સેગવા ગામ તા.ઓલપાડમાં વિનામૂલ્યે ધાબળા, સાડી અને સેનેટરી કીટનું જરૂરીયાતમંદ વિસ્તારમાં તા.૨૮-૧૨-૨૦૧૮ને શુક્રવારના રોજ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર પ્રવૃત્તિ દરમિયાન શેર એન્ડ કેર પાઉન્ડેશનના પ્રતિનિધિ મધુભાઈ શાહ, આચાર્ય ડૉ. કે.એન. ચાવડા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. રાજેશ ડી. રાણા, પ્રો. વિજય એમ ચૌધરી, પ્રો. જીતેન્દ્ર બી. ચૌધરી, પ્રો. નેહાબેન ઉપાધ્યાય, પ્રા.મેહુલ શાહ, પ્રા.ચિરાગ સિદ્ધપુરિયા તથા એન.એસ.એસ. સ્વયંસેવકો હાજર રહ્યા હતા.

મ.ન.પા.ની શિક્ષણ સમિતિની પરીક્ષામાં વિવાદ: ૨૦ પૈકી ૧૨ સવાલ ભાજપ સરકારની યોજનાઓના

સુરત

સુરત મ.ન.પા.ની શિક્ષણ સમિતિની પરીક્ષામાં વિવાદ થયો છે. ધો.૮ના ૮ હજાર વિદ્યાર્થીઓની જનરલ નોલેજની પરીક્ષામાં મોટાભાગના પ્રશ્નો મોદી સરકારની યોજનાના પુછાયા છે. પરીક્ષામાં ૨૦ પ્રશ્નો પૈકી ૧૨ પ્રશ્નો સરકારની યોજનાના પુછાતા વિવાદ થયો છે.

કોંગ્રેસના કોર્પોરેટર અસલમ સાયકલવાલાએ વિરોધ નોંધાવ્યો છે. અસલમ સાયરલવાલાએ જણાવ્યું હતુ કે આ પબ્લિસિટીની પરાકાષ્ઠા છે. સામાન્ય જ્ઞાન એટલે મોદી સરકારની યોજનાઓ. ઉજ્જવલા, જનધન, ઉડાન, ઉજાલા યોજનાના પ્રશ્નો હતા.

સુરત મહાનગર પાલિકા સંચાલિત શિક્ષણ સમિતિ દ્વારા લેવાયેલી પરીક્ષામાં સવાલ પર બબાલ થઈ છે. શાળામાં લેવાયેલી જનરલ નોલેજની પરીક્ષામાં મોટા ભાગના પ્રશ્નનો મોદી સરકારની યોજનાઓ વિષે પૂછવામાં આવ્યા હતા.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તેની વિવાદાસ્પદ કામગીરી માટે શહેરમાં બદનામ છે. જેથી હવે સરકારી શાળામાં ધોરણ ૮માં અભિયાસ કરતા ૮ હજાર વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવી છે. જેમાં પ્રશ્નપત્રમાં ૨૦ પૈકી ૧૨ સવાલ મોદી સરકારની યોજનાઓના હતા.

પ્રધાનમંત્રી ઉજ્જવલ યોજના, જનધન યોજના, શુકન્યા સમૃધ્ધિ યોજના, ઉડાન યોજના, ઉજાલા યોજના આ વગેરે યોજનાઓના સવાલ પૂછવામાં આવ્યા છે. જેથી કોંગ્રેસના કોર્પોરેટર અસલમ સાયકલવાલા દ્વારા આ મામલે વિરોધ નોંધવામાં આવ્યો છે.

ક્રાઈમ બ્રાન્ચની દારૂની મહેફિલ પર રેડ: નવસારીમાં ૩૦ લોકોની ધરપકડ

નવસારી

વર્ષ ૨૦૧૯ના આગમન કરવા યુવાનો જોર શોરથી તૈયારીઓ કરતા હોય છે જેમાં યુવાનો ઠરકી ન બને તે માટે પોલીસ ચાંપતી નજર રાખી હતી. પરંતુ પોલીસની બાઝ નજરથી બચીને જાણે દારૂની મહેફિલ સજાવવાની અલગ મજા આવતી હોય તેમ નવસારીના ચીખલી તાલુકાના નોગામાં ગામે સુરતી નબીરાઓએ પાર્ટીનું આયોજન કર્યું હતું. જોકે પોલીસે તેમની પાર્ટીના રંગમાં ભંગ પાડી નશીલી ઉજવણી ઉપર બ્રેક લગાવી હતી.

સુરત શહેરના શોર બકોરથી દુર પોલીસની બાજ નજરથી બચવા સુરતી નબીરાઓએ નવા વર્ષની ઉજવણી કરવા માટે નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં આવેલ નોગામાં ગામની સિમમાં આવેલ ટર્ફ વિકેન્ડ હોમ ખાતે દારૂની મહેફિલનું આયોજન કર્યું હતું. આલીશાન લાગતા આ વિકેન્ડ હોમના બંગલો નંબર ૧૨ અને ૧૬માં સુરતી યુવાનો અને યુવતીઓ નશીલી ઉજવણી કરી રહ્યા હતા ત્યારે જ મધરાતે નવસારી લોકલ ક્રાઈમ બ્રાન્ચે જામેલી પાર્ટીના રંગમાં ભંગ પાડ્યો હતો. અને પાર્ટીની મજા માણી રહેલા સુરતી નબીરા ઓને નશાની હાલતમાં ઝડપી પાડ્યા હતા. માહિતી મુજબ પોલીસ દ્વારા તમામ નબીરાઓને ચીખલી પોલીસ મથકે લઈ જઈ હાલ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર મામલામાં મોટા માથાના નબીરા ઓના નામ ખુલે તેવી હાલ સંભાવના વર્તાઈ રહી છે. પોલીસે હાલમાં આ મામલે અંદાજીત ૩૦ કરતા વધુ યુવક યુવતીઓની અટક કરી છે તો અંદાજીત ૫ જેટલી લગજરીયશ કારો પણ કબ્જે કરી છે. જોકે હવે મેડિકલ તપાસ બાદ જ ચિત્ર સ્પષ્ટ થશે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in
આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. તમને જોઈતું નોકરીવાળા શોધી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અત્યારે આપની સાથે જોડી આપની
CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
માત્ર ૫૫૦/-માં
PLAN - A
LEVEL INCOME
1st 100/-
2nd 70/-
3rd 50/-
4th 40/-
5th 30/-
Total 290/-
માત્ર ૩૦૦૦/-માં
PLAN - B
LEVEL INCOME
1st 750/-
2nd 500/-
3rd 300/-
4th 200/-
5th 100/-
Total 1850/-
સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશેષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે
SN | કોર્સનું નામ | પ્રવેશ લાયકાત
૧ | ડિપ્લોમા ઓફ નર્સિંગ (ડી.એસ.સી.નર્સિંગ) | ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨ | જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.) | ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩ | ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.) | ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ
-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802





ખેડા જિલ્લામાં NO Vehicle Day ની ઉજવણી કરાઈ

પ્રદૂષણ ઘટાડવા, સ્વસ્થ સમાજનું નિર્માણ અને પર્યાવરણના જતન માટે પેટ્રોલ-ડિઝલ બચાવવું અનિવાર્યઃ જિલ્લા કલેકટર સુધીર પટેલ

જિલ્લા કલેકટર અને અન્ય અધિકારી/કર્મચારીઓએ સાયકલ લઈને કચેરીએ આવ્યા



નડિયાદ-દુનિયાભરના લોકોની બદલાયેલી જીવનશૈલી, વધુ પડતા પેટ્રોલ-ડિઝલ અને ટેકનોલોજીના ઉપયોગના કારણે થયેલ કલાઈમેટ ચેન્જના પરિણામે વાતાવરણમાં ઉષ્ણતામાન અને પ્રદુષણ ખૂબ જ વધી રહયું છે. આ વધી રહેલ પ્રદૂષણ અને કલાઈમેટ ચેન્જના કારણે લોકોના આરોગ્યના પ્રશ્નોનો પણ ખૂબ જ વધી રહેલ છે. નવી પેઢીમાં આ બાબતે જાગૃતતા આવે તે ખૂબ જ જરૂરી છે. પર્યાવરણના જનત અને તેને બચાવવા માટે આજે ખેડા જિલ્લામાં NO Vehicle Day ની ઉજવણી કરવામાં આવી હતી. તેના ભાગરૂપે ખેડા જિલ્લા કલેકટર શ્રી સુધીર પટેલ, નિવાસી અધિક કલેક્ટશ્રી રમેશ મેરજા સહિત પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓ/કર્મચારીઓ અને કલેક્ટર કચેરીના અધિકારીઓ/કર્મચારીઓ આજે સાયકલ લઈને પોતાના કામકાજના સ્થળે ગંતવ્ય કર્યું હતું.

કલેક્ટર શ્રી સુધીર પટેલે જણાવ્યું કે, ૧લી જાન્યુઆરી, ૨૦૧૯ને NO Vehicle Day તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. NO Vehicle Dayની ઉજવણી નિમિત્તે જિલ્લાની વિવિધ કચેરીઓના અધિકારીઓ/કર્મચારીઓ આજે પોતાના કામકાજના સ્થળે સાયકલ અથવા ચાલતા કે કોમન પુલના વાહનનો ઉપયોગ કરી કચેરીઓમાં પહોંચ્યા હતા. તેના પરિણામે પેટ્રોલ-ડિઝલની બચત થવા સાથે પર્યાવરણના રક્ષણ અને પ્રદૂષણ થતું અટકશે. કલેક્ટરશ્રીએ સમગ્ર ખેડા જિલ્લાના નાગરિકોને અઠવાડીયામાં એક દિવસ NO Vehicle Day તરીકે ઉજવી પર્યાવરણનું રક્ષણ કરવા અનુરોધ કર્યો હતો.

તેમણે ઉમેર્યું કે, NO Vehicle Day ની ઉજવણીના કારણે પર્યાવરણનું જતન અને રક્ષણ તો થશે જ તેની સાથે સાથે નાગરિકોના આરોગ્યની પણ જાળવણી થશે. સરદાર પટેલ ભવન, નડિયાદ ખાતે પણ વિવિધ સરકારી કચેરીના અધિકારીઓ/કર્મચારીઓ પણ NO Vehicle Day ની ઉજવણી કરી પર્યાવરણ જાળવણી માટે સહભાગી બન્યા હતા.

ભાજપ દ્વારા લોકસભા ચુંટણી પુર્વે બાવળાથી ખાટલા બેઠકની શરૂઆત કરવામાં આવી

આગામી લોકસભા ૨૦૧૯માં નરેન્દ્રભાઈ મોદીને ફરી મત આપી ભાજપને વિજયી બનાવવાનો કાર્યકર્તાઓએ સંકલ્પ લીધો



લોકસભાની ચુંટણી જીતવા માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા અત્યારથી જ ચુટણી પ્રચારના શ્રીગણેશ કરી દીધા છે અને ભાજપ દ્વારા મતદારોની વચ્ચે જઈને લોકસભામાં ભાજપના પાર્ટી ને વિજયી બનાવવાનો સંકલ્પ આર સી પટેલ અને કાર્યકર્તાઓ એ લીધો હતો. તા.૧-૧-૨૦૧૯ મંગળવાર ના રોજ અમદાવાદ જીલ્લા ભાજપ પ્રમુખ આર સી પટેલ દ્વારા લોકસભા ૨૦૧૯ ચુંટણી અનુસંધાને બાવળા શહેર વોર્ડ -૬ થી ખાટલા બેઠક ની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં બાવળા મંડલ પ્રમુખ કેતનભાઈ પટેલ, મહામંત્રી જયભાઈ વ્યાસ, નરેન્દ્રભાઈ રાધાણી, નગરપાલિકા ઉપ પ્રમુખ દશરથભાઈ ઠાકોર, નગરપાલિકા સદસ્ય કમલેશભાઈ પટેલ, કાર્તિકભાઈ ચૌહાણ, પંકજભાઈ ઠાકોર, દીપકભાઈ ભટ્ટ, યુવા મોરચા પ્રમુખ ચિરાગભાઈ પટેલ, તુષારભાઈ ગુર્જર, રોનકભાઈ મિસ્ત્રી, વંદનભાઈ લુહાર સહીત કાર્યકર્તાઓ હોદ્દેદારો હાજર રહ્યા હતા.

નવા વર્ષના પહેલા દિને કચ્છ સાથે 'રાષ્ટ્રીય એકતા'નો તાર જોડતો એક પોસ્ટકાર્ડ કલેકટર રેમ્યા મોહનને મળ્યો



ભુજ, કચ્છથી કન્યાકુમારી સુધી ભારતની રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના અદ્ભૂત દર્શન થાય છે. દેશના દક્ષિણ છેક છેવાડે આવેલ કન્યાકુમારીના કલેકટરે તાજેતરમાં કચ્છ જિલ્લા કલેકટર રેમ્યા મોહનને કન્યાકુમારી મેઈનલેન્ડ ખાતેથી ઐતિહાસિક 'ત્રવનકોર અંચલ' રજવાડી પ્રતિક ઉપસાવેલા પણ એક પોસ્ટકાર્ડ પોસ્ટબોક્ષનાં ઉદ્ઘાટન કરવાના પ્રસંગ મોકલ્યો હતો, જે જોગાનુજોગ આજે ૨૦૧૯ના નવા વર્ષના પ્રથમ દિવસે જ મળવાથી કચ્છ સાથે 'રાષ્ટ્રીય એકતા'નો તાર જોડતો એક સંદેશ પણ કચ્છની જનતાને જાણે મળ્યો છે.

જિલ્લા કલેકટર રેમ્યા મોહને આજે મળેલ આ પત્ર દર્શાવતાં જણાવ્યું હતું કે, કન્યાકુમારીના જિલ્લાના કલેકટરશ્રી તરફથી પાઠવેલ ખાસ પોસ્ટકાર્ડ દ્વારા કચ્છની જનતા વતી મળેલ છે અને કચ્છની જનતા વતી ખૂબ આભાર માનીએ છીએ. આ પોસ્ટકાર્ડ રાષ્ટ્રીય એકતાનો પ્રતિક છે, જે ભારતના ઉતર-દક્ષિણ-પૂર્વ અને પશ્ચિમ છેડે જનતાને પરસ્પર જોડતી ભારતની 'રાષ્ટ્રીય એકતા' ના તાણા-વાણાંના એક તાર સમાન છે. કચ્છ જિલ્લા કલેકટર રેમ્યા મોહન દ્વારા કચ્છીમાડુંઓ વતી પત્ર પાઠવવા બદલ કન્યાકુમારીના જિલ્લા કલેકટરને આભારની લાગણી વ્યકત કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે, 'એક ભારત-શ્રેષ્ઠ ભારત' ની સોનેરી ફળશ્રુતિ ધરાવતો આ પોસ્ટકાર્ડ આધુનિક સંચાર યુગમાં પણ પત્ર લેખનની વિસરાઈ ગયેલી કળાને ફરીથી જીવંત કરવાની આશા દર્શાવી જાય છે. ભારતની એકતા-અખંડિતતાના તારની જેમ સમગ્ર ભારતની જનતાના પ્રેમ અને ભાઈચારાના તાર વધુને વધુ મજબૂત બની ભારત માતાની સેવામાં સંગીતના શૂર બની સતત ગુંજતા રહે તેવી ભારત માતાના ચરણોમાં દેશવાસીઓની સાથે કચ્છીમાડુંઓની પણ પ્રાર્થના બની સમગ્ર વિશ્વને 'એક ભારત-શ્રેષ્ઠ ભારત' નો ચોકકસ સંદેશ પાઠવશે.

દક્ષિણ ગુજરાતમાં ઠંડીમાં વધારો નવસારીમાં આઠ અને વલસાડમાં દસ ડિગ્રી

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ફરી ઉત્તર દિશાથી ઠંડો પવન ફૂંકાવાની સાથે ઠંડીનો ચમકારો અનુભવાયો છે. નવસારીમાં ૮ ડિગ્રી ન્યુનત્તમ તાપમાન સાથે ઠંડીથી લોકો ઠુઠવાયા હતા. દિવસ દરમિયાન પણ ઠંડીનો અનુભવ થયો હતો.

આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૧.૨ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૩ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૮ ટકા અને હવાનું દબાણ ૧૦૨૦ મીલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર દિશાથી કલાકના ૨ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ગત રોજની સરખામણીએ આજે શહેરમાં દોઢ ડિગ્રી તાપમાન ઘટતા શહેરીજનોને રાત્રે અને મળસ્કે ફુલગુલાબી ઠંડીનો અનુભવ થયો હતો. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૮ ડિગ્રી નોંધાયું છે જે ગતરોજ ૮.૫ ડિગ્રી નોંધાયું હતું. નવસારીમાં કાતિલ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. સતત બે દિવસથી ૮ ડિગ્રીની આસપાસ ઠંડી નોંધાતા દિવસે પણ ઠંડીનો અનુભવાઈ રહી છે. વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે ન્યુનત્તમ તાપમાન ૧૦.૫ ડિગ્રી નોંધાયુ છે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઠંડીની મોજુ યથાવત રહ્યું છે. આગામી બે દિવસ ત્રણ સુધી ઠંડી યથાવત રહે તેવી શક્યતા છે.











ભરૂચ જિલ્લા પોલીસે કાયદા પાલન માં અધધધ કામગીરી વર્ષ ના છેલ્લા દિવસે કરી નવા વર્ષ ને વધાવ્યું જાણો કેવી રીતે?

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા જિલ્લામાં દારૂબંધી ના કાયદાનો અમલ ચુસ્તપણે કરાવી રહ્યાછે ત્યારે થર્ટી ફર્સ્ટ માનવા નીકળેલ બેવડાઓ પર ગજ વરસાવી જિલ્લા પોલીસે વર્ષ ના છેલ્લા દિવસે કામગીરી માં બમણા વેગે ફરજ બજાવી હતી જુદા જુદા પોલીસ મથકો એ કરેલ કેસ ની સરાહનીય વિગત અત્રે પ્રસ્તુત છે.

૧.ભરૂચ શહેર એ ડીવી.	૨ કેસ	૧૩ હાંસોટ.	૩ કેસ
૨ ભરૂચ શહેર સી ડીવી.	૧૩ કેસ	૧૪ વાલિયા.	૨ કેસ
૩ ભરૂચ તાલુકા પોસ્ટે.	૧ કેસ	૧૫ ઝગડીયા.	૬ કેસ
૪. પાલેજ	૧ કેસ	૧૬ રાજપારડી.	૩ કેસ
૫.દહેજ.	૬ કેસ	ગત રોજ જિલ્લાના કુલ	૫૩ કેસ
૬.દહેજ મરિન.	૧ કેસ	આમ જિલ્લાભરની પોલીસે બેવડાઓ ની	
૭ વાગરા.	૨ કેસ	બાજી બગાડી હતી અત્રે ઉલ્લાખનીય છે કે	
૮ આમોદ.	૬ કેસ	ઉમલ્લા, જંબુસર, નેત્રંગ, કાવી, નબીપુર,	
૯ વેડછ.	૧ કેસ	ભરૂચ શહેર બી ડિવિઝને કડક બંદોબસ્ત	
૧૦ અંકલેશ્વર સીટી.	૩ કેસ	રાખતા બેવડા પકડાયા ન હતા સરવાળે	
૧૧ અંકલેશ્વર રૂરલ	૨ કેસ	જિલ્લા પોલીસે પ્રશંસનીય કાનગીરી કરી	
૧૨ અંકલેશ્વર જીઆઈ	૫ કેસ	હતી.	

નાતાલ તથા ૩૧ ડીસેમ્બરના તહેવારોએ કાયદો વ્યવસ્થા જાળવવા ભરૂચ જીલ્લા પોલીસની કામગીરી

ગુજરાત રાજય પોલીસ વડાના આદેશથી ભરૂચ જીલ્લાના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાં નાતાલ તથા ૩૧ ડીસેમ્બરના તહેવારને ધ્યાને લઈ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને શાંતિપુર્વક રીતે તહેવાર ઉજવાય તે હેતુથી જીલ્લામાં તા૨૫/૧૨/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ સુધી પ્રોહીબિશનની સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કરી અલગ અલગ ટીમ બનાવી અસરકારક કામગીરી કરવા સુચના આપેલ.જે અન્વયે ભરૂચ જીલ્લામાં અલગ અલગ જગ્યાએ ૪૦૦ થી વધુ રેઈડો કરી કુલ ૩૨૩ પ્રોહીબિશનના કેસો શોધી કાઢી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ ૬૮૦૦ કિંમત રૂપિયા ૮૯,૪૩૯૫/- તથા દેશી દારૂ લી.૧૯૪૪ કિં રૂ ૩૮,૮૮૦/- વોશ લીટર ૨૨,૬૦૫ કિં રૂ ૪૫૨૧૦/- વાહન નંગ ૦૫ કિં રૂ ૩,૬૦,૦૦૦/- તથા ગોળ કિ.ગ્રા. ૨૨૬૦કિંરૂ૫૬,૫૦૦/ - તેમજ અન્ય મુદ્દામાલ કિં રૂ ૪૭,૭૫૦/- મળી કુલ્લે રૂપિયા ૧૪,૪૨,૭૩૫/- ના મુદ્દામાલ સાથે ૩૩૨ આરોપીઓને ઝડપી પાડવામાં આવેલ છે.આ ઉપરાંત ભરૂચ તાલુકાના કુકરવાડા ગામે ફાર્મ હાઉસમાં કુખ્યાત બુટલેગર નીલેશ મીસ્ત્રીના પુત્રની બર્થ ડે પાર્ટીમાં દારૂની મહેફીલ માણતા ૪૫ યુવાનોને ઝડપી પાડી વિશિષ્ટ કામગીરી કરવામાં આવેલ છે.

ડાંગ જિલ્લા પંચાયતના બે કર્મચારીઓ થયા વયનિવૃત્ત

નાયબ ચીટનીશ જીતેન્દ્ર શાહ તથા ફીમેલ હેલ્થ સુપરવાઈઝર સોનીબેન ભોયેને અપાયુ વિદાયમાન



આહવાઃ ડાંગ જિલ્લા પંચાયતના બે કર્મચારીઓ ગત તા.૩૧મી ડીસેમ્બર, ૨૦૧૮નાં રોજ વયનિવૃત્ત થતા તેમને ભાવભર્યુ વિદાયમાન અપાયુ હતું.

ડાંગ જિલ્લા પંચાયતની શિક્ષણ શાખામાં નાયબ ચીટનીશ તરીકે ફરજ બજાવતા જીતેન્દ્ર રમણીકલાલ શાહ છેલ્લા ૩૮ વર્ષથી ડાંગ જિલ્લા પંચાયતની જુદી જુદી શાખાઓમાં ફરજ બજાવીને વયનિવૃત્ત થયા છે. શાહે સને ૧૯૮૧થી જિલ્લા પંચાયતમાં વિકાસ ધટક, આઈ.સી.ડી.એસ., તાલુકા પંચાયત, આરોગ્ય, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, બાંધકામ, તથા શિક્ષણ શાખામાં તેમની સેવાઓ બજાવી હતી. જ્યારે તાલુકા આરોગ્ય કચેરીના ફીમેલ હેલ્થ સુપરવાઈઝર તરીકે સેવા બજાવીને વયનિવૃત્ત થયેલા સોનીબેન ભોયેને, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના અધ્યક્ષા મનીષાબેન ગાંગુર્ડા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ટી.આર.અસારી, કાર્યપાલક ઈજનેર જી.એ.પટેલ, હિસાબી અધિકારી આર.બી.ચૌધરી, ખેતીવાડી અધિકારી સુનિલ પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એસ.એલ. પવાર સહિત વિવિધ શાખાના કર્મચારીઓ વિગેરે મહાનુભાવોના હસ્તે નિવૃત્તિ વિદયામાન અપાયુ હતુ. ઉલ્લેખનિય છે કે સોનીબેન ભોયેએ ડાંગ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખામાં સને ૧૯૮૪માં ફીમેલ હેલ્થ વર્કર તરીકે ગાઢવી ગામેથી તેમની સેવાની શરૂઆત કરી હતી. ત્યાર જિલ્લાના ચિંચલી ખાતે, અને ફીમેલ હેલ્થ સુપરવાઈઝર તરીકે બઢતી મળતા પ્રથમ ગારખડી, અને ત્યાર બાદ પીપલદહાડ, તથા ગાઢવી ખાતે તેમની સેવાઓ બજાવી હતી. તેમણે કુલ ૩૪ વર્ષ ઉપરાંત સેવા બજાવી હતી.

મહાનુભાવોએ નિવૃત્તિ લઈ રહેલા કર્મચારીઓની સેવાને બિરદાવી તેમનુ નિવૃત્ત જીવન તંદુરસ્ત, સુખમય અને નિરોગી રહે તેવી શુભકામના પાઠવી હતી. શાલ, શ્રીફળ અને સુકન સાથે વિદાઇ લઇ રહેલા આ કર્મચારીઓએ તેમની સેવાઓ દરમિયાનના સંસ્મરણો વાગોળી, કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. વિદાય સમારંભના કાર્યઆયોજન માટે જિલ્લા વિકાસ અધિકારીના અંગત મદદનીશ કિરીટ પટેલ તથા તેમની ટીમે જહેમત ઉઠાવી હતી.

બાળ મજૂરી નાબુદી અંગે ચાઈલ્ડ લેબર ટાસ્કફોર્સની બેઠક મળી

સુરત

બાળ મજૂરી નાબૂદી અભિયાન અંતર્ગત ચાઈલ્ડ લેબર ટાસ્ક ફોર્સ કમિટીની બેઠક કલેકટર કચેરીના સભાગૃહમાં યોજાઈ હતી. જેમાં ચાઈલ્ડ લેબર ટાસ્ક ફોર્સ કમિટી દ્વારા ગરીબ વર્ગ કે મધ્યટમવર્ગના કોઈ પણ બાળક બાળ મજૂરીના દૂષણનો ભોગ ન બને એની સૌએ તકેદારી રાખી બાળ મજૂરીના દૂષણને દૂર કરવા રાજ્યા તથા કેન્દ્રન સરકાર દ્વારા કાયદાકીય જોગવાઈઓ અને શ્રમ વિભાગ દ્વારા લેવામાં આવેલા પગલાઓની ચર્ચા કરવામાં આવી હતી. શ્રમ વિભાગ દ્વારા તાજેતરમાં ૨ રેડ પાડી ૧ બાળ શ્રમિકને મુક્ત કરાવી બાળમજૂરી કરાવનાર એકમ સામે એફ.આઈ.આર. નોંધવામાં આવી હતી. બાળમજૂરના કરાયેલા શૈક્ષણિક પુનર્વસન અને બાળ મજૂરી નાબૂદ થાય તે માટે ''સહિયારી કૂચ'' નામનું સામૂહિક અભિયાન ચલાવી લોકોમાં વ્યાપક જનજાગૃતિ આવે એવા પ્રયાસો હાથ ધરાયા છે.

આ બેઠકમાં શ્રમ વિભાગના અધિકારીઓ, ચાઈલ્ડ લેબર જાગૃતિ માટે કાર્યરત સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 55 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

Advance Furniture & Interior Point
BASIC PACKAGE | ECONOMY PACKAGE | PREMIUM PACKAGE
2BHK FULL FURNITURE 3,99,999/- | 2BHK FULL FURNITURE 6,49,000/- | 2BHK FULL FURNITURE 7,99,999/-
3BHK FULL FURNITURE 5,25,000/- | 3BHK FULL FURNITURE 7,99,999/- | 3BHK FULL FURNITURE 9,99,999/-
કલર, પી.ઓ.પી., ઈલેકટ્રીક તથા દરેક પ્રકારનું ઈન્ટિરીયર વર્ક કરી આપવામાં આવશે.
૧૨૦, રાજવર્લ્ડ શોપીંગ સેન્ટર, નિલકંઠ રેસીડેન્સીની સામે, પાલનપુર કેનાલ રોડ, અડાજણ, સુરત. Mo: 99781 85706, 99781 85709 SUNDAY OPEN

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ ₹.૧૪,૪૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
Madhivala LINIMENT
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino
ફ્લેટ - બંગલા - ઓફિસના
ફર્નીચર માટે ઉત્તમ કવોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
ફુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ • E-mail : info@mugatlalbsons.com

શાળાના વિધાર્થીઓ સાથે રહીને પોતાનો પપમો જન્મદિવસ ઉજવાતા સુરત જીલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ ડૉપ્રફુલભાઈ શિરોયા



સુરત તેમજ ભારતના અનેક શહેરોમાં ચક્ષુદાન - દેહદાન-અંગદાનની જાગૃતિ ફેલાવી આજ સુધી ૪૦,૦૦૦ થી લોકોને દૃષ્ટિવાન બનાવીને માનવસેવાનું ઉતમ ઉદાહરણ પુરુ પાડનાર એવા આપણા લોકલાડીલા સુરત જીલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ ડૉ.પ્રફુલભાઈ શિરોયા (પ્રમુખ - લોકદૃષ્ટ ચેરીટેબલ ટ્રસ્ટ - ચશુબેક, ઈન્ડિયન રેડકોસ સોસાયટી ચોર્યાસી તાલુકા બાંચ, સક્ષમ પશ્ચિમ ભારતના કાર્યપાલક) સાહેબશ્રી તેમજ સુસંસકારદીપ યુવક મંડળના કાળુભાઈ શેલડીયાના પુત્ર હિરેન શેલડીયાના જન્મદિવસ નિમિતે તા.૩૦/૧૨/૨૦૧૮ ને રવિવારના રોજ જન્મદિવસ હોય, આ દિવસે સદાય થી જન્મદિવસની ઉજવણીના ભાગ સ્વરૂપે સુરત શહેરના અમરોલી વિસ્તારમાં આવેલી ઉતર

બુનિયાદી શાળાના વિધાર્થીઓને સ્ટેશનરીની જરૂરિયાત પુરી કરેલ તેમજ ધાબળા વિતરણ,તથા ભોજન સમારંભ કરાવવામાં આવેલ. તેમજ ઓપ્થલ્મીક આસી દિનેશભાઈ પટેલ દ્રરા વિધાર્થીઓની આંખની તપાસ કરવામાં આવેલ તથા ઓછી દૃષ્ટિવાળા બાળકોને ચશ્માનું વિતરણ કરેલ તેમજ મિતરવ્ગ દ્વરા રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ જેમાં ૫૫ લોકોએ પોતાના અમુલ્ય રક્તનુ દાન કર્યુ હતુ સાથે સાથે જનરલ આરોગ્ય કેમ્પ નું આયોજન કરવામાં આવેલ હતું. આમ પોતાનો ૫૫ મો જન્મદિવસ ડૉ.પરફુલભાઈ શિરોયા એ સેવાકાર્ય થી ઉજવ્યો હતો.

આ કાર્યક્રમમાં બી ઝોનના ઓફિસર કમાન્કીગ સંજય પટેલ, સચિન યુનિટના ઓફિસર કમાન્ડિંગ થોમસ પથારે, સટાફ ઓફિસર રીકુટ મેહુલ મોદી, રિજિયોનલ ઓફિસર ડૉ.અનીસધ્રિસોલંકી તેમજ હોમગાર્ડઝના જવાનોએ શુભેચ્છા પાઠવી હતી. અમરોલી વિસ્તારના સામાજીક સેવક, વોર્ડન પ્રમુખ મુકેશભાઈ દેસાઈ તેમજ વોર્ડના સક્રિય કાર્યકરો ઉપસ્થિત રહિ ડૉપ્રફુલભાઈ શિસોયાની જન્મદિવસની શુભકામના પાઠવી હતી. તેમજ હિતેશગીરી સ્વામી - એ આઝાદ ચેરીટેબલ ટ્રસ્ટ, ઘનશ્યામ વસાણી, રજનીભાઈ હીરપરા - એમ્બીસન એજયુકેશન પોઈન્ટ, હિતેશભાઈ ગાંધી - એલાઈન્સ કલબ, રમેશભાઈ-રાજસ્થાનયુવક પરિષદ, દર્શનભાઈ અને મો ટુ ભાઈ - જલારામ અનનક્ર, જીએશભાઈ સૂચક - રઘુનંદન સેવા સમિતિ, ભાવિનભાઈ કરકર જેવા અનેક કાર્યકરો ઉપસ્થિત રહી જન્મદિનની શુભેચ્છા પાઠવી હતી.

નર્મદા જિલ્લા શિક્ષણ વિભાગના અધિકારીઓ વ્હાલા દવલાની નીતિથી કામ કરતા હોવાના આક્ષેપ

એક તરફ ડીપીઈઓ પોતાનો કેટલોક સ્ટાફ બે કલાક વેહલો જાય તો બચાવ કરે છે ત્યારે બીજી તરફ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જતા શિક્ષકો પર જોહુકમી કેમ

રાજપીપળા : નર્મદા જિલ્લા શિક્ષણ વિભાગમાં ચાલતા અંધેર વહીવટ બાબતે અમારા રાજપીપળા પ્રિનિધિને વારંવાર ફરિયાદો મળી હોય સોમવારે પણ ટેલિફોનિક ફરિયાદ આવતા પ્રતિનિધિ સાંજે ૪-૩૫ વાગે ફરિયાદ મુજબ ડીપીઈઓની કચેરીમાં જઈ તપાસ કરતા ત્યાં ફરજ બજાવતા એક બેન હાજર ન હોય સ્ટાફને પૂછતાં ઘરે ગયા હોવાનું જાણવા મળ્યુ હતું ત્યારે પ્રતિનિધિએ સ્ટાફને પૂછ્યું કે બેનનો જવાનો સમય કેટલા વાગ્યાનો છે ત્યારે તમામ સ્ટાફ સાંજે ૬ પછી છૂટતો હોવાનું જણાવ્યું છતાં આ બેન વેહલા જવા પાછળનું શું કારણ...? એક તરફ જિલ્લાના ૨૮૦૦ જેવા શિક્ષકો કે જે ગ્રામ્ય વિસ્તાર માં ફરજ બજાવતા હોય એમના માટે ઈપેન હાજરીની શરૂઆત નવા શત્રથી લાગુ કરી છે તેમાં જો કોઈ શિક્ષક ોઈક કોસર સ્કૂલમાં પાંચ દસ મિનિટ મોડા પડે તો આ હાજરી ઓનલાઈન હોય તરત ખુલાશો મંગાય છે જ્યારે બીજી બાજુ સાહેબની ઓફિસનો સ્ટાફ મનમાની કરી એક બે કલાક વેહલા મોડા આવે કે જાય તો સાહેબ એમનો કેમ બચાવ કરે છે...? એવા સવાલ કેટલાક શિક્ષકોમાં ચર્ચાઈ રહ્યા હતા.

આ બાબતે ડીપીઈઓ બી ડી બારીયા સાથે વાત કરતા એમને જણાવ્યું કે બેન મને કહીને વેહલા ગયા છે અને એમને ક્યારેક ફિલ્ડમાં પણ જવાનું થાય છે જોકે સ્ટાફના જણાવ્યા મુજબ બેન ઘરે નીકળી ગયા હતા અને જો સાહેબને કહીને ગયા હોય તો વેહલા જવાનો રિપોર્ટ કેમ ન મુક્યો...? એવો પણ સવાલ ત્યાં ચર્ચાયો હતો

સાથે એમ પણ ચર્ચા માં હતું કે બે કલાક જેવા વેહલા નીકળેલા બેન બીજા જિલ્લામાંથી આવતા હોય રોજ વહેલાંજ જતા રહેતા હોય છે ત્યારે જો આ વાત સાચી હોય તો શિક્ષણ વિભાગના અધિકારીઓ કેમ વ્હાલા દવલાની નીતિ અપનાવે છે...? એમની પોતાની કચેરીમાં પણ ઓનલાઈન હાજરી અને બીજા દરેક નિયમોનું પાલન કર્મચારીઓ પાસે કેમ કરાવતા નથી...? અમારા પ્રતિનિધિએ ફરિયાદ મુજબ તપાસ કરતા એક કર્મચારી વેહલા ગયાની વાત પકડાઈ હોવા છતાં અધિકારી કેમ લૂલો બચાવ કરતા હતા એ પણ એક સવાલ છે.ત્યારે આ બાબતે તપાસ થાય એ જરૂરી છે .

શાળા કોલેજોમાં બાળકો હાજરી બોલે ત્યારે જય હિંદ, જય ભારત બોલેની સરકારની સૂચના

નર્મદા જિલ્લામાં પ્રાથમિક સહીત શાળા કોલેજમાં અમલ શરૂ : બાળકોમાં દેશભક્તિ લાવવાનો પ્રયાસ

રાજપીપળા : તાજેતરમાં કેન્દ્ર સરકારના માનવસંસાધન મંત્રાલય દ્વારા સૂચના મળતા ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા તમામ ડીઈઓ ડીપીઓને પરિપત્ર દ્વારા જાણ કરવામાં આવી છે કે શાળા કોલેજો હાજરી બોલાતી હોય તો વિ?થીઓ દ્વારા જય હિન્દ અને જય ભારતનો શબ્દ પ્રયોગ કરે આ પ્રોગ ખાસ કરીને પ્રાથમિક બાળકો વધુ કરે જેનાથી બાળકોમાં નાનપણથી જ દેશ ભક્તિનું સિંચન થાય એવા પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. નર્મદા લ્લિામાં આ નિયમનું પાલન થઇ રહ્યું છે અને તમામ પ્રાથમિક શાળાના બાળકો હાલ જાય હિન્દ કે જય ભારત બોલી રહ્યા છે. આ બાબતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડી.બી.બારીયા એ જણાવ્યું હતું કે તાજેતરમાં સરકાર દ્વારા સૂચના મળી છે શાળામાં હાજરી પૂરતી વખતે જય હિન્દ અને જય ભારત બોલવાની સૂચના મળી છે જેનો તમામ શાળાઓમાં અમલ શરૂ થઈ ગયો છે જેથી હાલ બાળકો ની સમયસર હાજરી લેવામાં આવે છે જેનો મતલબ કે બાળકો માં દેશ ભક્તિ આવે વફાદારી ને એકતા આવે એવો એક સહિયારો પ્રયાસ છે.

બે વર્ષ પહેલા તત્કાલીન ડીડીઓ રણજિતકુમાર સીંહ દ્વારા જિલ્લાને ખુલ્લામાં શૌચ ક્રિયા મુક્ત એટલે જિલ્લો ODF જાહેર કરવા માટે બાળકો ને ખબર પડે કે કેમ કે શૌચાલય છે સર...જો શૌચાલય જેના ઘરમાં નથી તો શૌચાલય નથી સર કહી હાજરી પૂરાવવાનો નવતર અભિગમ કર્યો હતો હવે નવો અભિગમ જયહિન્દ જય ભારતનો કરાયો છે,ત્યારે શૌચાલયનો નિયમ તો હાલ અદ્રશ્ય હોય એમ લાગે છે પરંતુ ફરી જયહિન્દ વાળો આ ફતવો કેટલો લાગુ થશે અને ક્યાં સુધી અમલ રહેશે એતો આવનારા દિવસોજ બતાવશે.

મો.સા ચોરીના વણશોધાયેલ ગુનો શોધી કાઢતી અંકલેશ્વર શહેર પોલીસ

ભરૂચ પોલીરા અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓ તરફથી જીલ્લામાં બનેલ મિલ્કત રાંબધી ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ જે અુરાંધાને નાયબ પોલીસ ઓધેક્ષક એલ.એ.ઝાલા નાઓના માર્ગદર્શન હેઠળ અવાર નવાર અલગ અલગ જગ્યાએ વાહન ચેકિંગ કરવા જણાવેલ.

જેથી આજરોજ અંકલેશ્વર શહેર પોલીસ દ્વારા ભરૂચી નાકા અંડલેશ્વર શહેર પાસે વાઠન ચેકિંગ કામગીરી કરતા હતા દરમયાન એક ઈસમ નામે રોહીતભાઈ શંકરભાઈ વસાવા રહે. હરીપુરા મોંદેર ફળીયુ તા.અંકલેશ્વર, છ.ભરૂચ મો.સા નંબર ૧/૫-૧૨-ક્ક-૯૯૪૯ સાથે હાંસોટ તરફથી આવતા તેને રોકી મો.સા ના કાગળો/વાહન માલીક બાબતે ખરાઈ કરતા શંકાસ્પદ જણાયેલ જેથી તેને કલમ ૪૧(૧)(ડી) મુજબ અટકાયત કરવામા આવેલ છે. આરોપીની વધુ પુછપરછ દરમ્યાન નીચે મુજબના ગુનાની કબુલાત કરેલ છે.

વણશોધાયેલ ગુનાઓની વિગત : અંકલેશ્વર રૂરલ પો.સ્ટે ગુ.ર.નં ૧૧૦૯/૧૮ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ કે આરોપીનું નામ : રોહીતભાઈ શંકરભાઈ ગોમાળભાઈ વસ્ઝાવા રહે.હરીપુરા મંદિર ગલી તા.અંકલેશ્વર, જી.ભરૂચ પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ :એક ટુ-વ્હીલર મો.શા કિ.૩ આશરે ૨૦,૦૦૦/-રૂપિયા.

સ્ટેચ્યુ ઓફ યુનિટી: ટેન્ટ સીટી પર પ્રવાસીઓએ ૩૧ ડિસેમ્બરની ઉજવણી કરી



રાજપીપળા : પીએમ મોદીએ ૩૧મી ઓક્ટોબરે નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની ઉજવણી કરી હતી.એ બાદ દેશ-વિદેશમાંથી અત્યારુધી પ લાખ પ્રવાસીઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી છે.હવે દર સોમવારે મેન્ટેનન્સ કરવાને લીધે સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે બંધ રાખવાનો નિર્ણય કરવામા આવ્યો હતો.હવે ડિસેમ્બર મહિનાના છેલ્લા દિવસે સોમવાર આવે છે એ છતાં પણ ૩૧મી ડિસેમ્બર હોવાને લીધે પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી પર લોકો ૩૧મી ડિસેમ્બરની ઉજવણી કરવા આવશે એટલે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખુલ્લું રહેશે એવું પ્રવાસીઓ વિચારી રહ્યા હતા.પરંતુ તંત્રએ પોતાના નિયમમાં કોઈ પણ ફેરફાર ન કરી ૩૧મી ડિસેમ્બરે સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે બંધ રાખતા પ્રવાસીઓમાં નિરાશા જરૂર ફેલાઈ હતી.

તો બીજી બાજુ ૩૧મી ડિસેમ્બર ઉજવવા માટે અમુક પ્રવાસીઓએ ટેન્ટ સિટીનું અગાઉથી જ ઓન લાઈન બુકીગ કરાવી રાખ્યું હતું.જેથી ટેન્ટ સીટી પરના ૨૫૦ ટેન્ટ પ્રવાસીઓથી ફૂલ હતા. કેવડિયા ટેન્ટ-સીટી ખાતે ૨૦૦૦ થી વધુ પ્રવાસીઓએ ૩૧મી ડિસેમ્બરની રાત્રે ૧૨ વાગ્યા સુધી ડીજેના તાલ પર જુમી નવા વર્ષના વધામણાં કર્યા હતા.સોમવાર હોવા છતાં પણ તમામ ટેન્ટ ફૂલ હતા.ખાસ તો પ્રદુષણ વિનાના વાતાવરણમાં કુદરતી સૌંદર્યના સાતપૂડાની ગિરિમાળાના જંગલોમાં પ્રવાસીઓએ પોતાના પરિવાર સાથે નવા વર્ષનો આનંદ માણ્યો હતો.











નર્મદા જિલ્લા બજરંગ દળ દ્વારા પશ્ચિમી સંસ્કૃતિનો વિરોધ

ભક્તો દ્વારા વર્ષના અંતિમ દિવસે હરસિદ્ધિ માતાજીના મંદિરે આવનારું વર્ષ સારું જાય એ માટે પ્રાર્થના

રાજપીપલાના પ્રખ્યાત હરસિદ્ધિ માતાજીના મંદિરે તહેવારોમાં પણ અંધારપટ



રાજપીપળા : રાજપીપલા બજરંગ દળ દ્વારા ૩૧ ડિસેમ્બરના દિવસે બજારમાંથી પગપાળા ચાલી હરસિદ્ધિમાતાજીના મંદિરે ધજા ચડાવી અને પશ્ચિમી સંસ્કૃતિનો વિરોધ સાથે તમામ યુવાનોને સંદેશો પાઠવ્યો હતો કે પશ્ચિમી સંસ્કૃતિને છોડી દારૂ જેવા નશીલા પદાર્થોનું સેવન કરવાનું છોડો પોતાનું અને પરિવારનું જીવન સાર્થક બનવો તથા ભારત દેશની સભ્યતા અને સંસ્કૃતિને ઓળખવા પ્રેરણા અપાઈ હતી. જયારે હરસિદ્ધિ માતાજીના મંદિરે મોટા પ્રમાણમાં ભતોની ભીડ જામી હતી છં ત્યાં દર્શનાથે આવતા ભક્તોની સલામતી અને સુરક્ષા માટે કોઈ ખાસ બંદોબસ્ત કે જરૂરી લાઈટિંગ ન હોય બજરંગ દળ દ્વારા વારંવાર રજુઆત કરવા છતાં આવા મોટા દિવસોમાં પણ અંધારપટ છવાયેલો રહેતા ભક્તો માં ભય જોવા મળે છે માટે નર્મદા જિલ્લા બજરંગ દળ દ્વારા હરસિદ્ધિમાતા મંદિરના કાર્યાલય માં જઈ ટ્રસ્ટીઓને મંદિરે આવનાર ભક્તોને યોગ્ય સુવિધા આપવા માટે રજુઆત કરવામાં આવી હતી અને જો ભવિષ્યમાં ભક્તોને આ સુવિધા આપવામાં નહી આવેતો નર્મદા જિલ્લા બજરંગ દળ વિશેષ કાર્યવાહી કરશે એવી વાત પણ કરી હતી.

આ બાબતે નર્મદા જિલ્લા બજરંગ દળના સંયોજક જીતેન્દ્રસિંહ કઠવાડિયાએ જણાવ્યું કે ભારત દેશ સંસ્કૃતિ અને સભ્યતાનો દેશ છે ભારત દેશમાં જ્યારે નવું વર્ષ ઉજવાઈ ત્યારે સગા સંબંધીને ત્યાં જઈ શુભકામનાઓ પાઠવી વડીલોના આશીર્વાદ લેવામાં આવે છે જ્યારે આખા ભારત દેશમાં ઘણા સમયથી પશ્ચિમી સંસ્કૃતિનો રંગ લાગેલો છે જેને કારણે યુવાધન પશ્ચિમી સંસ્કૃતિનું નવું વર્ષ ૩૧ ડિસેમ્બરના દિવસે ઉજવી દારૂ પી ડી.જે વગાડી પાર્ટી કરી નવા વર્ષ તરીકે ઉજવે છે, પશ્ચિમી સંસ્કૃતિનું નવું વર્ષ માત્ર નશામાંજ ઉજવવામાં આવે છે. ત્યારે આપણા આજના યુવાનોએ આ સંસ્કૃતિ છોડી જાગૃત થવું જોઈએ.

સાગબારા પોલીસે ધનસેરા ચેકપોસ્ટ પરથી

એસટી બસમાં લઈ જવાતો ઈંગ્લિશ દારૂ ઝડપી પાડ્યો

૩૧ડિસેમ્બરના ચેકિંગમાં ફરતી પોલીસને સુરતના વરાછા રોડ પર રહેતા વ્યક્તિ પાસે બેગોમાં ભરેલો દારૂ મળી આવ્યો

રાજપીપળા : નર્મદા જિલ્લા પોલીસ વડા એ ૩૧ ડિસેમ્બરને લઈને જિલ્લામાં કડક ચેકીંગ હાથ ધરવા સૂચના આપી હોય દરેક પોલીસ સ્ટેશન દ્વારા આ બાબતે ચેકીંગ ચાલતું હતું ત્યાં ગતરોજ સાગબારાની ધનસેરા ચેકપોસ્ટ પર સાગબારા પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે બબલુભાઇ પ્રતાપભાઇ કેવટ રહે.સાંઈનાથ સોસાયટી રૂમ નં.૧૮, વરાછા રોડ સુરત મુળ રહે.કોથરા ગામ,થાણા-ચાંદા ડીસ્ટીક-સુલતાનપુર (યુ.પી) નાઓને મહારાષ્ટ્ર રાજયની સરકારી બસ નં.MH-20-BL-3173 માં કાળા કલરની છ બેગોમાં વિદેશી દારૂ ના ક્વાટરીયા નંગ-૫૭૦ કિ.રૂા.૨૮,૫૦૦/-નો પ્રોહી.મુદામાલની હેરા ફેરી કરતા પોલીસે નાકાબંધી દરમ્યાન તથા મોબાઈલ નંગ-૧ કિ.રૂા.૫૦૦/-મળી કુલ કિ.રૂા.૨૯,૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી કાયદેસર કર્યવાહી હાથ ધરી હતી.

રાજ્ય સરકારની ઢીલી નીતિના કારણે નર્મદા જિલ્લાના ૩૦૦ જેટલા એચઆઈવી પીડિતોની હાલત ખરાબ

સયાજી હોસ્પિટલમાં ટેસ્ટિંગ કીટ ન હોવાના કારણે એચઆઈવી પીડિતોને તકલીફ

હાલ રાજ્ય સરકાર એચઆઈવી ગ્રસ્તો તરફ તદ્દન નિષ્ક્રિય થઈ હોય એમ કોઈ બાબતે ધ્યાન અપાતું નથી જેમાં નર્મદા જિલ્લા જેવા પછાત જિલ્લાના દર્દીઓ મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે

નર્મદા જિલ્લામાં તિલકવાડા અને સાગબારા ખાતેના આઇસીટીસી સેન્ટર પર કાઉન્સીલરોની બંને જગ્યાઓ પણ વર્ષોથી ખાલી હોવાથી ત્યાંના એચઆઈવી પીડિતો ભગવાન ભરોસે છે ત્યારે સરકાર કે સંસ્થાઓ આ બાબત કેમ નજરઅંદાજ કરે છે...? શું આ જિલ્લાના દર્દીઓ માટે આરોગ્ય વિભાગ શું આંખે પટ્ટી મારી બેઠું છે.

રાજપીપળા: નર્મદા જિમાં લઘભગ ૩૦૦ જેવા એચઆઈવી પીડિતો છે ત્યારે આરોગ્ય બાબતે મોટી વાતો કરતી સરકાર હાલ નર્મદા જિલ્લાના દર્દીઓ માટે જાણે નિષ્ક્રિય થઈ ગઈ હોય એમ લાગી રું છે મકે છે?લા લઘભગ બે મહિનાથી નર્મદાથી વડોદરા ટેસ્ટિંગમાં જતા દર્દીઓ કીટના અભાવે ધક્કે ચઢી રહ્યા છે છેલ્લા બે મહિનાથી વડોદરા સયાજી હોસ્પિટલમાં કાર્યરત એ આર ટી સેન્ટર માં એચઆઈવી ગ્રસ્તો માટેના સી ડી ૪ કરવા માટેની ટેસ્ટિંગ કીટ ઉપલબ્ધ નથી માટે નર્મદાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા દર્દીઓ વડોદરા જઈ પરત ફરી રહ્યા છે જોકે કીટ ન હોવા બાબતે એમ જાણવા મળ્યું કે નેશનલ એડ્સ કંટ્રોલ (NACO) માંથી આવતા ફંડ માં હાલ તકલીફ છે માટે હજુ એકાદ મહિનો કીટ આવે એમ જણાતું નથી જેના કારણે સી ડી ૪ ના ટેસ્ટિંગ બાદ દર્દીની દવા બદલવી કે અન્ય મેડિકલ બાબતે તકલીફ થઈ રહી છે ત્યારે જો નાકો પાસે ફંડ મોડું આવે તો આવા સમયે રાજ્ય સરકારે દર્દીઓના હીત માટે કીટ કે પૈસાની વ્યવસ્થા કરવી જોઈએ નહીતો નર્મદાના ગરીબ એચઆઈવી પીડિતો માટે આ બાબત જોખમરૂપ સાબિત થઈ શકે છે.

નાંદોદના કોઠારા ગામની કિશોરીએ કોઈ કારણોસર ઝેરી દવા પીતા મોત

રાજપીપળા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના કોઠારા ગામે રહેતી રેખા અરવિંદભાઈ બારીયા (૧૬)એ ગતરોજ તારીખ ૧૮ ડિસેમ્બરે તિલકવાડા તાલુકાના માંગુ ગામમાં રહેતા પોતાના મામાને ત્યાં ગયા બાદ ઝેરી દવા પી જતા સારવાર માટે ડભોઈ ની એક હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે વડોદરા સયાજીમાં દાખલ કરી હતી જેનું સારવાર દરમિયાન ૩૧ ડિસેમ્બરે મોત થતા તિલકવાડા પોલીસે અ.મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

ભરૂચ ખાતે આગામી ૪ થી જાન્યુ.એ ગરીબ કલ્યાણ મેળો યોજાશે

ભરૂચ: ગુજરાત રાજયની વિવિધ લોક કલ્યાણકારી યોજનાઓના લાભ સીધા લાભાર્થીઓને મળી રહે તેવા શુભ આશયથી ભરૂચ જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો કે.જે. પોલીટેકનીક કોલેજ, ભરૂચ ખાતે તા.૦૪/૦૧/૨૦૧૯ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે યોજાશે. ગરીબ કલ્યાણ મેળાના આયોજન - અમલીકરણ માટે વિવિધ વિભાગોના અધિકારીઓની જિલ્લા વિકાસ અધિકારી ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષપણા હેઠળ જિલ્લા પંચાયત સમિતિખંડમાં બેઠક મળી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીએ ઉપસ્થિત અધિકારીઓને તેમના વિભાગની વિવિધ યોજનાઓ અને તેના લાભાર્થીઓની યાદી સુનિશ્ચિત કરવા ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવા જણાવ્યું હતું. ગરીબ કલ્યાણ મેળા દરમ્યાન રાજય સરકારની લોકોના કલ્યાણ માટેની ભાવના સાથે અમલી બનાવવામાં આવેલ પ્રત્યેક યોજનાઓનો લાભ લાભાર્થીઓને સીધે સીધો મળી રહે તેવું સુદ્રઢ આયોજન કરી તમામ કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ થાય તેની તકેદારી રાખવા જણાવ્યું હતું.

આ બેઠકમાં નાયબ કલ્યાણ મેળાના કાર્યક્રમના સ્થળે આવનાર લાભાર્થીઓની સંખ્યા, લાભાર્થીઓની ડેટાએન્ટ્રી લાભાર્થીઓની યાદી - તેમને આપવાના થતાં લાભો, સાધન સહાય ઉપરાંત ગરીબ કલ્યાણ મેળા દરમ્યાન કરવાની થતી કામગીરી બાબતે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી, પ્રાયોજના વહીવટદાર, પ્રાંત અધિકારી તથા સબંધિત વિભાગના અમલીકરણ અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

ગરીબ કલ્યાણ મેળાના આયોજન - અમલીકરણ માટે વિવિધ વિભાગના અધિકારીઓની જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષપણા હેઠળ બેઠક મળી

ભરૂચ શહેરમાંથી થર્ટિ ફસ્ટે ૧૫ જેટલા ઈસમોને નશો કરેલી હાલતમાં ઝડપી પાડતી ભરૂચ પોલીસ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓ તરફથી જીલ્લામા પ્રોહી/જુગારની અસામાજીક પ્રવુતી વાળા ઈસમો વિરૂધ્ધ કાયદેશર કાર્યવાહી કરવા સુચના મળેલ હોય જે અનુસંધાને

નાયબ પોલીસ અધિક્ષક ડી.પી.વાઘેલા સાહેબ ભરૂચ વિભાગ ભરૂચ નાઓના માર્ગ દર્શન હેઠળ થર્ટિ ફસ્ટ અનુસંધાને ભરૂચ શહેર સી ડીવી પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલિંગ તથા વાહન ચેકીંગ દરમિયાન ૧૫ જેટલા ઈસમો અલગ અલગ જગ્યાએથી નશો કરેલી હાલતમા પકડી તેઓના વિરૂધ્ધમાં પ્રોહીબિશન એક્ટ મુજબનો ગુનો દાખલ કરી કાયદેશરની કાર્યવાહી કરવા મા આવેલ છે.

૮ મું મેગા ઔદ્યોગિક પ્રદર્શન અંકલેશ્વર ખાતે યોજાશે

ભરૂચ: અંકલેશ્વર ઈન્ડ. એસોસિએશનના ઉપક્રમે "AIA INDUSTRIAL EXPO 2019 – "8th Mega Industrial Exhibition" નું તા.૦૩/૦૧/૨૦૧૯ નુ રોજ સવારે ૦૯:૩૦ કલાકે ડી.એ.આનંદપુરા સ્પોર્ટસ કોમ્પલેક્ષ - અંકલેશ્વર ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમનું ઉદઘાટન સહકાર રાજય મંત્રી ઈશ્વરસિંહ પટેલ કરશે અને મુખ્ય મહેમાન તરીકે જી.આઇ. ડી.સી ગાંધીનગરના ચેરમેન બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહેશે.











સ્ટેચ્યુ પર બે દિવસ બે દિવસથી હેલીકોપ્ટર સેવા બંધ રહેતા પ્રવાસીઓમાં નારાજગી

૩૪.૫ લાખની આવક, નવવર્ષના પ્રથમ દિવસે ૧૫૦૦૦ પ્રવાસીઓએ સ્ટેચ્યુની મુલાકાત લીધી

રાજપીપળા : ૩૧મી ઓક્ટોબરે સ્ટેચ્યુની રજા બાદ ૧ લી જાન્યુઆરી વર્ષના પ્રથમ દિવસે સ્ટેચ્યુ જોવા ૧૫૦૦૦ જેટલા પ્રવાસીઓ આવ્યા અને મોઝ માણી પરંતુ બીજીબાજુ કેવડીયા ખાતે રવિવારે સ્ટેચ્યુના હેલિપેડ પરથી હેલીકોપ્ટર ઉડાનની પરમીશન ન મળતા હેલીકોપ્ટર રાઈડ બંધ રહેતા રવિવારે પ્રવાસીઓ અટવાયા હતા, સવારે ૧૦.૩૦ વાગે પહેલી ટ્રીપ ઉપડવાની હતી પણ સીવીલ એવીએશન તરફથી હેલીકોપ્ટર ઉડાડવાની પરમીશન મળી ન હતી તેને કારણે રાઈડ જઈ શકી ન હતી ત્યારે કદાચ બપોર સુધી ચાલુ થશે તેમ જણાવવા છતા પરમીશન ન મળતા રાઈડ બંધ રહી હતી. અને ટીકીટ વેચાણ પણ બંધ રખાયુ હતુ જોકે સોમવારે પણ હેલીકોપ્ટર રાઈડ બંધ રહી હોય સતત બે દીવસ હેલીકોપ્ટર સેવા બંધ રહેતા પ્રવાસીઓમાં નીરાશા જોવા મળી હતી. અત્યાર સુધીમાં ૧૨૦૦ જેટલા પ્રવાસીઓએ હેલીકોપ્ટર સેવાનો લાભ લીધો હતો. જોકે પ્રવાસીઓની માંગને ધ્યાને લઈને વધુ એક હેલીકોપ્ટર મુકવામાં આવતા બે હેલીકોપ્ટર શરૂ થયા છે.

પતંગ લૂંટવા જાહેર માર્ગો પર જોખમી દોડાદોડી કરવી નહીં

અકસ્માત સર્જાય એવી પ્રવૃત્તિ કરવા પર રોક

નવસારી

નવસારી જિલ્લાના સમગ્ર હદ વિસ્તારમાં મકરસંક્રાંતિ અને તેની નજીકનાં દિવસોમાં બાળકો તેમજ મોટેરાઓ પતંગ અને દોરા લૂંટવા જાહેરમાર્ગો ઉપર દોડાદોડી કરે છે. જેના કારણે અકસ્માતો સર્જાય છે અને ટ્રાફિકનાં અવર-જવરને અવરોધ થાય છે.

કેટલીક વખત જીવલેણ અકસ્માતો પણ થતા હોય છે. આ સંદર્ભમાં નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ડો.એમ.ડી. મોડીયા તાત્કાલિક અસરથી તા. ૨૬-૦૧-૨૦૧૯ સુધી નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવી છે.

કોઈપણ વ્યકિતઓએ જાહેરરસ્તાઓ ઉપર પતંગો ઉડાડવા, પતંગો કે દોરા લુંટવા, હાથમાં વાંસ કે ઝાંખરા કે તેવા પ્રકારનાં કોઈપણ સાધનો સાથે જાહેરમાર્ગો ઉપર વાહનવ્યવહારને અવરોધ થાય અથવા અકસ્માત સર્જાય તેવી પ્રવૃતિ કરવા તથા પ્લાસ્ટીહક/સિન્થેયટીક, ચાઈનીઝ દોરાનો તેમજ કાચ લગાડેલ કે કાચ પાયેલ દોરાનો પતંગ ઉડાડવાના હેતુથી વેચાણ કરવા તથા પતંગ ચગાવવા માટે ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે. જેનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ફોજદારી અધિનિયમ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

સુરખાઈમાં ગરીબ કલ્યાણ મેળો યોજાશે

નવસારી

નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના સુરખાઈ ખાતે ગરીબ કલ્યાણ મેળો આગામી તા.૩ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે જ્ઞાનકિરણ ઘોડીયા સમાજ ભવન, સુરખાઈ ખાતે સામાજીક ન્યાય અધિકારિતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારના અધ્યક્ષસ્થાને યોજાશે.

ગેસ લાઈન તૂટતા ગોડાદરા-લીંબાયતના હજારો લોકોની નવા વર્ષની સવાર બગડી

સુરત

આજે વહેલી સવારથી જ લીંબાયત વિસ્તારમાં આવેલ ગુજરાત ગેસ કંપનીના રેસીડેન્ટ કસ્ટમરોને સપ્લાય બંધ કરવામાં આવતા નવા વર્ષના પ્રથમ દિવસે જ હજારો પરિવારોને ભારે મુશ્કેલીનો સામનો કરવાની ફરજ પડી હતી.

લીંબાયતના મીઠીખાડી વિસ્તારમાં ગુજરાત ગેસની મુખ્ય લાઈનમાં આજે સવારે ધડાકાભેર ભંગાણ સર્જાયું હતું. ગેસ કંપનીના અધિકારીઓ દ્વારા તાત્કાલિત સમગ્ર લીંબાયત વિસ્તારમાં ગેસ સપલાય બંધ કરી હતી. નવા વર્ષના પ્રથમ દિવસે જ લીંબાયત વિસ્તારમાં ગુજરાત ગેસના રેસીડેન્ટ ગ્રાહકોને ભારે મુશ્કેલીનો સામનો કરવાની ફરજ પડી હતી. સવારના સમયે ઠંડીના વાતાવરણમાં કિચનમાં ગેસ સપ્લાય બંધ થતા ગૃહિણીઓને ભારે મુશ્કેલી નડી હતી. સવારના સમયે નોકરી ધંધાર્થે જનારાઓને ચા, નાસ્તો અને ટીફીન વગર જ જવાની ફરજ પડી હતી. સવારના સમયે સ્કૂલે જનારા વિદ્યાર્થીઓ ન્હાયા વગર જ સ્કૂલમાં ગયા હતા. ગેસ સપ્લાય અંગે ગુજરાત ગેસ કંપનીના કસ્ટમર કેર સર્વિસ સેન્ટર પર સંપર્ક કરતા કોઈએ ફોન ઉપાડ્યો ન હતો. ગુજરાત ગેસ કંપનીના અધિકારીનો મોબાઈલ પર સંપર્ક કરતા તેમને જણાવ્યું કે મીઠીખાડી પાસે મુખ્ય લાઈનમાં ભંગાણ થયું હોવાથી પરવત પાટીયાથી લીંબાયત સુધીના વિસ્તારમાં આશરે વીસેક હજાર જેટલા ગ્રાહકોને અસર થઈ છે. ગેસ કંપનીના અધિકારી દ્વારા વધુમાં જણાવ્યું છે કે મીઠીખાડી કૈલાશનગર પાસે ખાડીની અંદર સાડા ચાર મીટર નીચે ગુજરાત ગેસ કંપનીની મુખ્ય લાઈન નાંખેલી છે. મહાનગરપાલિકા દ્વારા ખાડી કિનારે રસ્તો બનાવવા પાળો બાંધવાની કામગીરી દરમ્યાન ગેસ લાઈનમાં ભંગાણ સર્જાયું હોવાથી મોડી રાતથી જ ગેસ સપ્લાય બંધ છે. આજે સવારે લીંબાયત પરવત પાટીયા, ગોડાદરા વિસ્તારના લોકોએ ગેસ ચાલુ કર્યો ત્યારે તેઓને ગેસ લાઈન બંધ હોવાની જાણ થઈ.

ગુજરાત ગેસ કંપનીના અધિકારીએ વધુમાં જણાવ્યું કે ૩૦ થી ૪૦ લોકોની ટીમ મીઠીખાડીમાં જ્યા ભંગાણ સર્જાયું છે ત્યાં ગેસ પાઈપનો રૂટ શિફ્ટીંગનું કામ કરી રહ્યા છે. આજે મોડી રાત સુધી કામગીરી પૂર્ણ થશે અને ગેસ સપ્લાય ચાલુ કરવામાં આવશે.

લીંબાયત, પરવત પાટીયા, ગોડાદરા વિસ્તારમાં આવેલ આશરે વીસેક હજાર જેટલા ઘરેલુ કનેકશનમાં ગેસ સપ્લાય બંધ થવાની સાથે જ ગૃહિણીઓએ કકળાટ કર્યો હતો. આજે મોડી રાત સુધી ગેસ સપ્લાય ચાલુ થાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

સરથાણામાં એમ્બ્રોઈડરી ડિઝાઈન કારીગર પર ખૂની હુમલો કરાયો

પોલીસ ફરિયાદ પાછી ખેંચવા ચપ્પુના ઘા મરાયા

સુરત

પોલીસ ફરિયાદ પરત નહીં ખેંચનાર યુવક ઉપર ચપ્પુથી હુમલો કરી હત્યાની કોશિષનો બનાવ સરથાણા પોલીસ મથકે નોંધાયો હતો.

સુરતના સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કાપોદ્રા પ્રભુકૃપા સોસાયટીમાં રહેતા એમ્બ્રોઈડરી ડિઝાઈનીંગ રજનીભાઈ દિનેશભાઈ ગોયાણીએ આરોપી રાહુલ, ધર્મશ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદ પાછી ખેંચવા માટે આરોપી દીપક ઉર્ફે લાદેને ફરિયાદ ઉપર ચપ્પુથી હુમલો ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. સરથાણા પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે અને હુમલો કરનાર આરોપીને ઝડપી પાડવા સરથાણા પોલીસે ચક્રોગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે. ભૂતકાળની પોલીસ ફરિયાદ પાછી ખેંચવા હુમલા કરનાર આરોપી પર વધુ એક ગુનો દાખલ કરવામાં આવ્યા છે.













